*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો




# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૬૦


## સૌથી મોટું પ્રમાણ: સ્વસંવેદન-પ્રત્યક્ષ

જુઓ, આ એક અપૂર્વ ન્યાય છે કે, જ્ઞાન ને આનંદસ્વરૂપ થયેલા ધર્માત્માનું ખરું અનુમાન પણ તે જ કરી શકે કે જેને પોતાને પોતામાં જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા સ્વસંવેદન-પ્રત્યક્ષરૂપ થયો હોય. પોતે પોતાના આત્માને પ્રત્યક્ષ ( અનુભવગમ્ય ) કરીને જ બીજા ધર્મી આત્માનું અનુમાન સાચું કરી શકે. પોતાના આત્માને પ્રત્યક્ષ કર્યા વગર એકલા બાહ્યચિહ્નના અનુમાનથી બીજા ધર્માત્માની સાચી ઓળખાણ થઈ શકે નહિ. પોતે એકલા અનુમાનથી બીજાને જાણનારો નથી, તેમ જ બીજા જીવો એકલા અનુમાનથી આ ધર્મી આત્માને જાણી શકે-એવો પણ આત્મા નથી. જેણે પોતાના આત્માને સ્વાનુભાવથી પ્રત્યક્ષ કર્યો હોય તે જ બીજા જ્ઞાન-આનંદસ્વરૂપ થયેલા આત્માનું સાચું અનુમાન કરી શકે. આ રીતે અંશ-પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન જ સાચું હોય છે. પ્રત્યક્ષનું અપાર સામર્થ્ય છે, – તેમાં બીજા કોઈની અપેક્ષા નથી, રાગાદિ વિકલ્પોથી પણ તે અત્યંત નિરપેક્ષ છે. સ્વાનુભવથી મોટું બીજું કોઈ પ્રમાણ નથી.

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૯, આસો ( લવાજમ : **ચાર રૂપિયા** ) વર્ષ ૩૦: અંક **૧૨**

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## વેલાવેલા પધારો પ્રભુ ! પરમાગમ–મંદિરમાં



અહો, વહાલા વીરનાથ ! આપનો સુંદર માર્ગ અમારા મહાભાગ્યે ગુરુકહાન દ્વારા અમને પ્રાપ્ત થયો... આપના માર્ગમાં વહેતા વીતરાગી આનંદનાં વહેણથી અમે પાવન થયા. સમંતભદ્રસ્વામીએ ખરું જ કહ્યું છે કે મિથ્યાત્વી-ચિત્ત આપને પૂજી શકતું નથી, સમ્યક્ત્વી જ આપને પૂજે છે. અહા, આપની સર્વજ્ઞતા, આપની વીતરાગતા, અને શુદ્ધાત્માના આનંદસ્વાદથી ભરેલો આપનો ઉપદેશ, -એની મહાનતાને જે ઓળખે છે તે તો આપના માર્ગ ચાલવા માંડે છે, ને તેના ચિત્તમાં આપ બિરાજો છો, તે જ આપને પૂજે છે. આપની મહાનતાને જે ન ઓળખી શકે તે આપને ક્યાંથી પૂજી શકે ! પ્રભો ! અમે તો આપને ઓળખ્યા છે, ને અમે આપના પૂજારી છીએ.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા
દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
વીર સં. ૨૪૯૯ આસો Oct. 1973

# વીરનાથ ભગવાન

પ્રભો, આપનો આ અવતાર ધર્મઅવતાર હતો, મોક્ષને સાધવા માટે જ આપનો અવતાર હતો. આપે મોક્ષને સાધીને અમારા માટે પણ મોક્ષનો માર્ગ ખુલ્લો કર્યો. અત્યારે પણ મોક્ષના આનંદનો મધુર સ્વાદ ચખાડનારું આપનું શાસન જયવંત વર્તી રહ્યું છે. જ્યાં જ્યાં આપનું શાસન વર્તી રહ્યું છે ત્યાં ત્યાં આપશ્રી વિદ્યમાન જ છો, આપનો વિરહ અમને નથી.

આપનું શાસન એટલે? –જગતના સમસ્ત જીવ–અજીવ પદાર્થોનું જ્ઞાન કરાવીને, તેમાં સર્વોત્કૃષ્ટ મહિમાવંત આત્મતત્ત્વનો અગાધ મહિમા સમજાવીને, તેનું સ્વાશ્રિત વેદન કરાવનારું ને પરાશ્રિત દુઃખભાવો છોડાવનારું હિતશાસન, –તે આપનું શાસન છે, તે આપનો વીરમાર્ગ છે.. વીર મુમુક્ષુઓ આજે પણ આપના એ માર્ગે ચાલી રહ્યા છે. મુમુક્ષુઓના અંતરમાં આપનો માર્ગ શોભી રહ્યો છે.

પ્રભો! થોડા દિવસમાં આપના નિર્વાણગમનનું ૨૫૦૦ મું વર્ષ બેસશે, ને સમ્યક્ત્વાદિ ચૈતન્યદીવડાવડે અમે આપના નિર્વાણનો મંગલ ઉત્સવ ઉજવીશું.

( –બ્ર. હ. જૈન )

# મહાવીર ભગવાને પ્રસિદ્ધ કરેલો માર્ગ તે માર્ગમાં મોક્ષના સાધક જીવોનું સુંદર વર્ણન

મહાવીરભગવાનના નિર્વાણનું અઢીહજારમું વર્ષ દોડતું નજીક આવી રહ્યું છે ત્યારે મહાવીરભગવાને પ્રસિદ્ધ કરેલ મુક્તિનો માર્ગ બતાવતું આ પ્રવચન સૌને ગમશે. ભગવાન મહાવીરે કહેલા આત્માના સત્ય સ્વરૂપને જાણીને નિર્વાણમાર્ગની સાધના કરવી તે જ ભગવાનના મોક્ષનો સાચો મહોત્સવ છે. ભગવાને કહેલા માર્ગને જાણ્યા વગર મોક્ષનો સાચો ઉત્સવ થઈ શકે નહિ. ભગવાન કહે છે: હે ભવ્ય! પરભાવોથી ભિન્ન આનંદસ્વરૂપ આત્મા જગતમાં પ્રસિદ્ધ છે.. આવા જગપ્રસિદ્ધ સત્યને તું જાણ.. તને પ્રસન્નતા થશે.. આનંદ થશે.

[ નિયમસાર ગાથા ૪૫–૪૬ ]

મુમુક્ષુજીવે નક્કી કર્યું છે કે હું જ્ઞાનતત્ત્વ છું. મારું જ્ઞાન આકુળતા વગરનું, સ્વયં આનંદરસમાં લીન છે. અહા, આવા જ્ઞાનતત્ત્વની અનુભૂતિ થઈ ત્યાં જગતમાં કોઈ પણ પદાર્થ તેને અનુકૂળ કે પ્રતિકૂળ છે જ ક્યાં? આવો અનુકૂળ સંયોગ હોય તો જ્ઞાનમાં હર્ષ થાય, ને પ્રતિકૂળ સંયોગ હોય તો જ્ઞાનમાં ખેદ થાય–એવું જ્ઞાનમાં નથી. સંયોગથી પાર, અને હરખ–શોકથી પણ પાર એવું જ્ઞાનસ્વરૂપ પ્રાપ્ત કરીને સહજ જ્ઞાનચેતનાપણે વર્તતા ધર્માત્મા મુક્ત જ છે. –મોક્ષના સાધક જીવો આવા હોય છે.

બહારના પદાર્થને જાણતાં, જ્ઞાનના મહિમાને ભૂલીને તે બહારના પદાર્થપ્રત્યે અજ્ઞાનીને ઉલ્લાસ આવી જાય છે, તથા તેના રાગમાં તેને ‘મજા’ લાગે છે– પણ એમાં તો દુઃખ જ છે. જ્ઞાનને ભૂલીને આવા દુઃખવેદનમાં જીવે અનંતકાળ ગાળ્યો; પણ

ભેદજ્ઞાનવડે જ્યાં પોતાના જ્ઞાનતત્ત્વનો નિર્ણય કરીને તેનો અનુભવ કર્યો ત્યાં અપૂર્વ મોક્ષસુખનો સ્વાદ આવ્યો; તેને પ્રગટેલો ચૈતન્યભાવ રાગ વગરનો મુક્ત જ છે. ચોથા ગુણસ્થાનના સમ્યગ્દષ્ટિને રાગ વગરનો જે ચૈતન્યભાવ ( સમ્યગ્દર્શનાદિ ) છે તે પણ નિર્ગ્રંથ જ છે, નીરાગ જ છે, આનંદમય જ છે અને મુક્ત જ છે.

અહો, આવો ભાવ પર્યાયમાં પ્રગટયો ત્યારે સહજ–પરમાત્મતત્ત્વ પ્રાપ્ત કર્યું કહેવાય; એને હવે ભવદુઃખનો અંત આવ્યો, ને આનંદમય આત્મતત્ત્વના અનુભવપૂર્વક મોક્ષસુખનો સ્વાદ લેતો–લેતો અલ્પકાળમાં તે સિદ્ધપદને સાધે છે. સમ્યગ્દર્શન થયું ત્યારથી આવી અદ્‌ભુત દશા શરૂ થઈ ગઈ છે. અરે, ધર્મીના આવા ભાવને જે સમજે તેની પણ બલિહારી છે, તેને પરપરિણતિનો મહિમા છૂટી જશે ને ચૈતન્યમાત્ર આત્માના સહજ મહિમામાં તે લીન થશે.

અંતરમાં સહજ મહિમાવંત ચૈતન્યવસ્તુના અનુભવમાં જ્યાં પર્યાય મગ્ન થઈ ત્યાં કર્તા–કર્મના ભેદની વાસના છૂટી ગઈ, ને શુદ્ધાત્માની અનુભૂતિ થઈ. આ દ્રવ્ય કર્તા ને પર્યાય કાર્ય–એવા કર્તા–કર્મના ભેદની ભ્રાંતિ રહે ત્યાં સુધી શુદ્ધાત્મતત્ત્વ પ્રાપ્ત થતું નથી. તેથી દ્રવ્ય–પર્યાયના ભેદની ભ્રાંતિને પણ દૂર કરીને આખરે અભેદ–અનુભૂતિમાં જેણે ચૈતન્યતત્ત્વને પ્રાપ્ત કરી લીધું છે તે જીવ અતીન્દ્રિય આનંદને અનુભવતો થકો મોક્ષરૂપ મહા લક્ષ્મીને પ્રાપ્ત કરીને સદાય મુક્ત જ રહેશે. –અહા, એના અતૂલ મહિમાની શી વાત? આવા તત્ત્વનો સ્વાદ આવ્યો ત્યાં હવે જન્મ–મરણ કેવા? એ તો ભવદુઃખથી છૂટીને ચૈતન્યસુખમાં લીન થયો. જગતના કોઈ પદાર્થવડે એની તૂલના થઈ શકે નહિ. એનો મહિમા અપાર છે.

આત્મા જ્ઞાનચેતનાસ્વરૂપ છે. જ્ઞાનચેતનાસ્વરૂપ મારા તત્ત્વમાં કર્મનો સંબંધ નથી, કર્મના સંબંધવાળા કોઈ અશુદ્ધભાવો મારામાં નથી; મારું તત્ત્વ કર્મોથી અત્યંત જુદું છે. કર્મો, અશુદ્ધભાવો અને શુદ્ધચેતના–એ બધું જુદું જુદું શોભી રહ્યું છે; તેમાંથી શુદ્ધચેતનાવડે અલંકૃત એવો આત્મા હું છું, અશુદ્ધભાવો કે કર્મો તો મારાથી તદ્દન જુદા છે. –આવું મારું મંતવ્ય છે, એટલે કે મારા આત્માને હું આવો અનુભવું છું.

અહો, આવો જુદો આત્મા પોતે વિદ્યમાન છે, તેમાં ઊંડા ઊતર્યા વગર કોઈ રીતે જીવને શાંતિ કે સુખનું વેદન થાય નહિ. અરે, શાંતિના વેદન વગરનું જીવન એને તો આત્માનું જીવન કેમ કહેવાય? રાગ અને દુઃખના અલંકારથી તે કાંઈ આત્માની

શોભા છે? આત્મા તો પોતાની આનંદમય શુદ્ધચેતનાથી અલંકૃત છે, તેમાં જ આત્માની શોભા છે.

ચેતનાથી જેમ જડ શરીર જુદું છે ને કર્મ જુદું છે તેમ રાગ પણ ચેતનાથી જુદો જ છે. રાગની ઉપાધિ ચેતના ઉપર નથી, ચેતના તો રાગથી જુદેજુદી પોતાના સહજ નિજગુણોથી શોભે છે. –અહો, આવા નિજગુણ–પર્યાયોથી અલંકૃત જગપ્રસિદ્ધ સત્ય આત્માને હે ભવ્ય જીવો! તમે જાણો. કર્મથી તેમજ વિકારી ભાવોથી ભિન્ન એવી ચેતનાવડે શોભિત ચૈતન્યવસ્તુને જ્ઞાનમાં એવી કોતરો કે જ્ઞાન પોતે વીતરાગ–આનંદથી શોભી ઊઠે; અશુદ્ધતાનો કોઈ અંશ તેમાં ન રહે. આવી ચેતનાથી જેણે પોતાના આત્માને અલંકૃત કર્યો તેણે સમસ્ત જિનાગમનો સાર પોતાના જ્ઞાનમાં કોતરી લીધો... તેનો આત્મા પોતેપરમાગમનું મંદિર થયો.

ભાઈ, શાંતિસ્વરૂપ તારો આત્મા પોતે છે. પરભાવોથી ને જડથી જુદેજુદો તારો ચૈતન્યભાગલો પરમ શાંતિથી ભરેલો અખંડ વિદ્યમાન છે, તારા તે ભાગલાને લઈને તું આનંદિત થા. તારો ભાગલો ઘણો સુંદર છે, મોટો છે, વિકારની ભેળસેળ તેમાં નથી. અરે, તારી જુદી વસ્તુને એકવાર તું જો તો ખરો! એને દેખતાં તને કોઈ અપૂર્વ તૃપ્તિ ને આનંદ થશે.

## વાહ! સંતોની વાણી શાંતિની દેનારી છે.
## વીતરાગનાં વચનો સમજતાં આત્મામાંથી આનંદ ઝરે છે.

અહો, જિનેન્દ્રભગવાને ઉપયોગસ્વરૂપ આત્મા સદાય કર્મોથી ને રાગથી જુદો જ કહ્યો છે. કર્મથી જુદો ઉપયોગસ્વરૂપ આત્મા જગતમાં પ્રસિદ્ધ છે. આવા જગપ્રસિદ્ધ સત્ય આત્માને હે ભવ્ય! તું જાણ, તેને તું અનુભવમાં લે. અહા, જૈનશાસનમાં કેવળજ્ઞાની પરમાત્માએ દિવ્યધ્વનિવડે કર્મથી અત્યંત ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્મા દેખાડયો છે, તેને જે જાણે છે તેણે જ ખરેખર ભગવાનના શુદ્ધ વચનને જાણ્યા છે. શુદ્ધ વચનના વાચ્યરૂપ શુદ્ધઆત્મા જેણે જાણ્યો તેણે જ ખરેખર ભગવાનના શુદ્ધ વચનને જાણ્યા છે. કર્મથી ને રાગથી જુદો શુદ્ધ આત્મા દેખાડે તેને જ 'શુદ્ધવચન' કહેવાય છે, જે વચન રાગ–દ્વેષ –મોહની પુષ્ટિ કરે તે વચન શુદ્ધ નથી. જે વચન આત્માના વીતરાગ ભાવને પુષ્ટ કરે તે જ શુદ્ધવચન છે. આવા શુદ્ધવચનરૂપ જિનોપદેશને પામીને હે ભવ્ય!

પરભાવોથી અત્યંત ભિન્ન એવા પ્રસિદ્ધ શુદ્ધાત્માને તું જાણ, તેને અનુભવમાં લે; તેને જાણતાં–અનુભવતાં તને અપૂર્વ પ્રસન્નતા થશે, આનંદ થશે,ને તું મોક્ષનો સાધક થઈશ.

મહાવીર ભગવાને કહેલો આવો આનંદસ્વરૂપ આત્મા સત્ય છે, તે જગતમાં પ્રસિદ્ધ છે. આવા જગપ્રસિધ્ધ સત્યને વીતરાગી સંતોએ જિનશાસનમાં પ્રસિધ્ધ કર્યું છે. આવા જગપ્રસિધ્ધ સત્યને જાણીને હે ભવ્ય! તું પણ મહાવીર ભગવાનના માર્ગમાં આવી જા...


## સોનગઢમાં કુંદકુંદ-કહાન કો-ઓ.
## હાઉસિંગ સોસાયટી ( સૂચિત )

સહકારી ધોરણે યોજેલ ટેનામેન્ટ ટાઈપ સાથેની સુંદર વસવાટની યોજના નીચે મુજબ છે–

* પાલીતાણા રોડ ઉપર અગાઉ જે કહાનનગર–સોસાયટી થયેલી છે (–જેનું બાંધકામ ૫૦૦ ચો. ફૂટ છે) તેની સામેના પ્લોટમાં, સાગરવાળા શેઠના બંગલાની બાજુમાં આ સોસાયટીની જગ્યા આવેલી છે.
* દરેક બ્લોકમાં ૭૦૦ ચો. ફૂટનું બાંધકામ થશે. એક લીવીંગરૂમ, એક બેડરૂમ, એક રસોડું, એક બાથરૂમ, એક જાજરૂ, પેસેજ–વરંડા સહિત તથા બંને તરફ સ્વતંત્ર ખુલ્લી જગ્યા સહિત.
* સોસાયટી લગભગ પચીસ બ્લોકની થશે. દરેક બ્લોકની અંદાજી કિંમત રૂા. ૨૭૦૦૦ (સત્તાવીશ હજાર) થશે.

જેઓ માલિકી હક્કથી સભ્ય થશે, એટલે કે એક સાથે પૂરી કિંમત આપીને લેવા માંગશે, તેમને પહેલો ચાન્સ આપવામાં આવશે.

નહિતર, હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટી તરફથી ૬૫% લોન મેળવીને બ્લોક બનાવવામાં આવશે.

સોસાયટીનું કામ જેમ બને તેમ તુરતમાં શરૂ કરવાનું છે. તો જેમને સભ્ય થવું હોય તેઓ એડવાન્સના રૂા. પાંચ હજાર ડ્રાફટથી N. C. javeri & others ના નામથી બેંક ઓફ ઈંડિયા (સોનગઢ) મારફત નીચેના સરનામે મોકલાવે.

નવનીતલાલ ચુનીલાલ જવેરી
ઓમ શાંતિ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
૩૬૪૨૫૦

# પરમાગમની મધુરી પ્રસાદી

શુદ્ધચૈતન્યની પ્રકાશક જિનવાણી પરમાગમમાં ગુંથાયેલી છે; અત્યંત બહુમાનપૂર્વક તે જિનવાણી (સમયસાર વગેરે) સોનગઢના ભવ્ય પરમાગમમંદિરમાં કોતરાયેલી છે. તેનું કામ ઝડપથી પૂર્ણતા તરફ પ્રગતિ કરી રહ્યું છે ને મંગલઉત્સવના ભણકારા વાગવા માંડયા છે. બસ, હવે તો જોષીજી કયું શુભ મૂરત કાઢી આપે છે તેની રાહ જોવાય છે. માત્ર પરમાગમ નહીં, પરમાગમની સાથેસાથે તેના પ્રણેતા શ્રી મહાવીર ભગવાન પણ પધારશે ને પંચકલ્યાણકમહોત્સવપૂર્વક પરમાગમમાં બિરાજશે.. તે પ્રભુ ના કહેલા પરમાગમોમાં જે મધુરી ચૈતન્યપ્રસાદી ભરી છે ને જેનો અપૂર્વ સ્વાદ ગુરુદેવે આપણને ચખાડયો છે, તેનો થોડો થોડો નમૂનો આત્મધર્મમાં અપાય છે. અગાઉ પણ પરમાગમની મધુરી પ્રસાદી આપી ગયા છીએ ને અહીં સમયસાર તથા અષ્ટપ્રાભૃતના પ્રવચનમાંથી પ્રસાદી આપવામાં આવે છે. આવતા આખા વર્ષ દરમિયાન ‘પરમાગમની મધુરી પ્રસાદી’ નો આ વિભાગ ચાલુ રહેશે. સૌ જિજ્ઞાસુઓ આનંદથી પરમાગમનો લાભ લેજો. (સં.)

❅ સમ્યગ્દ્રષ્ટિને પોતાના સમ્યક્ત્વનો નિર્ણય તો સ્વસંવેદન-પ્રત્યક્ષદ્વારા થઈ જાય છે; -આ નિર્ણય તો બધા સમ્યગ્દ્રષ્ટિને જરૂર હોય છે; અને પરના સમ્યક્ત્વનો નિર્ણય પણ અનુમાનાદિ દ્વારા થઈ શકે છે.

❅ સમ્યક્ત્વ સાથેની, બીજા ગુણની નિર્મળપર્યાય દ્વારા (શાંતિનું વેદન વગેરે દ્વારા) સમ્યક્ત્વને ઓળખવું તે વ્યવહાર છે.

❅ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલી નિર્ગ્રંન્થમૂર્તિ તે જૈનદર્શનનો માર્ગ છે. આવો વીતરાગમાર્ગ સાંભળીને તેની પ્રતીત કરવી, અને તેનાથી વિરુધ્ધ માર્ગને

માનવો નહિ. આવા યથાર્થ માર્ગની પ્રતીતપૂર્વક શુદ્ધ જ્ઞાનની અનુભૂતિ તે સમ્યક્ત્વનું લક્ષણ છે. -આ ધર્મનું મૂળ છે.

❋ અહો, સમ્યક્ત્વ સાથેની અનુભૂતિમાં તો અતીન્દ્રિય આનંદ છે, તે અનુભૂતિ સ્વસંવેદન-પ્રત્યક્ષ છે, રાગથી પાર છે. આવી નિઃશંક અનુભવદશા વગર સમ્યક્ત્વ હોતું નથી.

❋ ભેદજ્ઞાન થતાં, અને સમ્યગ્દર્શન થતાં, ધર્મીને એવો સ્વાદ આવ્યો કે અહો! આ અતીન્દ્રિય મહા આનંદ અને શાંતિના સ્વાદરૂપે જેનું વેદન થયું તે જ મારું સ્વરૂપ છે, તે જ હું છું; અનાદિથી રાગ-દ્વેષ-અશાંતિનો જે સ્વાદ અનુભવ્યો-તે હું નહિ, તે મારું સ્વરૂપ નહિ. -આમ પરભાવોથી અત્યંત ભિન્ન પોતાના ચૈતન્યસ્વાદનું વેદન તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનની સાથે અનંતગુણની નિર્મળતાનું વેદન છે. સ્વસંવેદનમાં અભેદપણે અનંતગુણના આનંદનો સ્વાદ ભર્યો છે.

❋ ધર્મીનો ઉત્સાહ પોતાના ધર્મમાં છે. જ્ઞાનચેતના-સ્વરૂપ જે પોતાનો સ્વભાવ તે ધર્મ છે, તેમાં જ ધર્મીનો પ્રેમ ને ઉત્સાહ છે; રાગમાં કે રાગના ફળમાં ધર્મીને ઉત્સાહ નથી. મોક્ષદશાને સાધવાનો તેને ઉત્સાહ છે, રત્નત્રયમાર્ગનો તેને ઉત્સાહ છે; રાગનો-પુણ્યનો-સંસારનો તેને ઉત્સાહ નથી.

❋ ધર્મને સાધનારા બીજા ધર્માત્મા પ્રત્યે સમ્યગ્દ્રષ્ટિને બહુ પ્રેમ આવે છે; પંચપરમેષ્ઠીપ્રત્યે પ્રમોદ આવે છે. સંસારના પ્રેમ કરતાં ધર્મનો પ્રેમ અને ઉત્સાહ ધર્મીને વધુ હોય છે. અંતરમાં તો તે શુભરાગથી પણ પાર ચૈતન્યતત્ત્વની પરમપ્રીતિ છે. ચૈતન્યસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ જે જ્ઞાનચેતના છે તે જ પરમાર્થધર્મ છે, તે જ જૈનશાસન છે; ને એવા રત્નત્રયવંત નિર્ગ્રંથ મુનિરાજનું દર્શન, તે દર્શનનો માર્ગ છે, તે જૈનમાર્ગ છે.

❋ સ્વભાવની પ્રાપ્તિનો જેને અનુરાગ થયો તેને સંસાર તરફની પ્રીતિ હટી ગઈ, સંસારભાવથી તે વિરક્ત થયો, અને ચૈતન્યના વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગપ્રત્યે તે ઉત્સાહિત થયો. -આવા સંવેગ અને નિર્વેદ ધર્માત્માને હોય છે. જ્ઞાનચેતનારૂપ આત્મધર્મનો જેને પ્રેમ લાગ્યો, તેનો ચૈતન્યરસ જેણે ચાખ્યો, તે હવે બીજાનો પ્રેમ નહિ કરે. ચૈતન્યનો અમૃતરસ ચાખ્યા પછી વિભાવના ઝેરને કોણ ચાહે?

❅ ધર્મીને પર્યાયમાં જેટલા રાગાદિ છે તેનું વેદન પણ છે, ને તેને તે જાણે પણ છે; પણ તે જ વખતે રાગથી ભિન્ન ચિદાનંદસ્વભાવને ચેતનારી જે જ્ઞાનચેતના છે, તે જ્ઞાનચેતનાના બળે ધર્મી એમ અનુભવે છે કે મારી જ્ઞાનચેતનામાં રાગાદિનું વેદન નથી, જ્ઞાનચેતના તો આનંદને જ વેદનારી છે. મારી જ્ઞાનચેતનાના પરિણમનમાં કોઈ કર્મનું કર્તાપણું નથી, કે કોઈ કર્મફળનું ભોક્તાપણું નથી. -આવી જ્ઞાનચેતના ધર્માત્માને હોય છે; આનંદની વર્ષા તેના આત્મામાં નિરંતર વરસે છે.

❅ વરસાદ આવે ત્યાં લોકો કેવા રાજી થાય છે? ખરેખર આત્મામાં આનંદરસની ધારા વરસે તે અપૂર્વ છે, તેના વડે અનાદિ કાળના મિથ્યાત્વનો દાહ મટી જાય છે ને ધર્મના અંકુરા ફૂટે છે, મોક્ષના પાક પાકે છે. ભાઈ, એકવાર સ્વસન્મુખ થઈને તારા નિરાલંબી ચૈતન્ય-ગગનમાંથી આનંદની વર્ષા વરસાવ.

❅ અરે જીવ! આવા ભયંકર દુઃખથી ભરેલા ભવભ્રમણમાં તને પરમસુખનો માર્ગ બતાવનાર આવો સુંદર વીતરાગમાર્ગ મળ્યો, સાચા દેવગુરુનો ઉપદેશ મળ્યો, તો હવે ચૈતન્યતત્ત્વના અગાધ મહિમાને લક્ષગત કરીને તેમાં ઉપયોગ વાળ. સ્વસન્મુખ થતાં જે અપૂર્વ સમ્યગ્દર્શન થયું ત્યાં ધર્મીને પૂર્ણતા સાધવાનો પરમ ઉલ્લાસ થાય છે; અંદર ચૈતન્યની અતીન્દ્રિયશાંતિરૂપ પ્રશમ છે, ને બાહ્યચિહ્ન તરીકે પણ શાંતભાવરૂપ પ્રશમ હોય છે. અહા, મારું ચૈતન્યતત્ત્વ પ્રશાંત, અનંત સુખમય છે, -એનું જ્યાં સ્વસંવેદન થઈ ગયું ત્યાં કષાયો પણ એકદમ પ્રશાંત થઈ ગયા.

❅ જગતમાં તે જ સંતો સદા સુખીયા છે કે જેઓ પરથી ભિન્ન આનંદસ્વરૂપ આત્માનો સ્વાદ લ્યે છે; જેણે પોતાના અંતરમાં ચૈતન્યની અપાર રિદ્ધિ-સિદ્ધિ દેખી છે; આવા ચૈતન્યના ભાન વગરના જીવો દુઃખીયા છે-ભલે પછી તે પુણ્ય કરીને સ્વર્ગમાં ગયા હોય. જેણે ચૈતન્યના નિધાન પોતામાં દેખ્યા ને મહા આનંદનો સ્વાદ ચાખ્યો તેને જગતમાં ક્યાંય મરણાદિનો ભય નથી અનંતગુણથી શોભતું ચૈતન્યજીવન તેણે પ્રાપ્ત કરી લીધું છે.

❅ -આવા ધર્માત્માના અંતરને ધર્માત્મા જ જાણે છે; બહારથી જોનારા તેને જાણી શકતા નથી. અંતરના ઊંડાણથી જોતાં આવડે તે જ ધર્માત્માના હૃદયને ઓળખી શકે છે.

❅ 'જ્ઞાયકભાવ' આત્મા છે, તે જ્ઞાયકભાવ રાગ-દ્વેષરૂપ નથી; શુભ-અશુભભાવોરૂપ જે કષાયચક્ર છે તે-રૂપે જ્ઞાયકભાવ કદી થઈ ગયો નથી; પર્યાયને અંતર્મુખ કરીને આવા જ્ઞાયકભાવપણે પોતે પોતાના આત્માને ઉપાસવો-તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તે જ મોક્ષમાર્ગ છે.

❅ સ્વસંવેદનથી આત્મા પોતે પોતાને જાણે છે, ત્યારે આત્મા પોતે જ્ઞાયકપણે જ્ઞાતા છે, ને પોતે જ સ્વજ્ઞેય છે, -આમ જ્ઞાતા-જ્ઞેયનું અનન્યપણું છે - અભેદપણું છે; ત્યારે 'જ્ઞાયક' પોતે સ્વરૂપ-પ્રકાશનપણે પોતાને પ્રકાશે છે -જાણે છે -અનુભવે છે. પર્યાય અંતર્મુખ થઈને અભેદ થઈ ત્યાં જ્ઞાયકભાવની ઉપાસના થઈ; તેને જ 'શુદ્ધ' કહેવાય છે. -આત્માની આવી ઉપાસના તે મોક્ષમાર્ગ છે, તેમાં રાગ-દ્વેષ કે પુણ્ય-પાપ નથી; તેથી કહ્યું કે જ્ઞાયકભાવ છે તે શુભાશુભભાવરૂપે પરિણમતો નથી.

❅ અરે જીવ! તું તારા આનંદમય જ્ઞાયકતત્ત્વને ભૂલીને અનાદિથી શુભાશુભભાવના કષાયચક્રમાં દુઃખી થયો. તે કષાયચક્ર મટવું જોકે કઠણ છે-પણ કાંઈ અશક્ય નથી. જ્યાં અંતર્મુખ થઈને પોતે પોતાને જ્ઞાયકસ્વભાવપણે અનુભવમાં લીધો ત્યાં પર્યાય જ્ઞાયકસ્વભાવમાં અભેદ થઈ ગઈ ને પુણ્ય-પાપનું કષાયચક્ર તેમાંથી છૂટી ગયું. આનું નામ શુદ્ધાત્માની ઉપાસના છે, આ સમ્યગ્દર્શન છે. આત્માના નિજવૈભવની પ્રાપ્તિની આ રીત છે.

❅ અહા, સમ્યગ્દર્શન ચીજ અલૌકિક ગંભીર છે; સમ્યગ્દર્શન થતાં સર્વજ્ઞદેવે કહેલા આત્માનો અને બધા તત્ત્વોનો સાચો નિર્ણય થઈ જાય છે. અહો, જિનધર્મની ગંભીરતા, અજ્ઞાનીઓ એનો પત્તો ન પામી શકે. ગુરુગમે જિનપ્રવચનનું સાચું રહસ્ય સમજાય છે કે અહો, જિનપ્રવચન તો આત્માનું સ્વરૂપ જિન સમાન બતાવે છે, 'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ, આવા આત્માને લક્ષગત કરીને સ્વસન્મુખપણે તેનો અનુભવ કરવો તે જૈનશાસનનું હાર્દ છે. -એમાં આત્માના મહાન આનંદનું વેદન છે. એવા સમ્યગ્દ્રષ્ટિને બીજા ધર્માત્માઓ પ્રત્યે અત્યંત પ્રેમ-વાત્સલ્ય હોય છે. બીજા ધર્માત્મા આગળ વધી જાય તે દેખીને ઈર્ષા થતી નથી પણ પ્રસન્નતા થાય છે, બહુમાન આવે છે; સર્વપ્રકારે તેને સહાય કરે છે. તે વીતરાગી દેવ-ગુરુ -ધર્મનો દાસ થઈને વર્તે છે, તેમના પ્રત્યે તેને અત્યંત ભક્તિ ને આદરભાવ આવે છે. આવો ધર્મપ્રેમ ધર્મીને હોય છે. રત્યત્રયધર્મની પરમ પ્રીતિથી, જગતમાં તેનો પ્રભાવ વધે તેમ કરે છે, ને

પોતામાં પણ રત્નત્રયધર્મની વૃદ્ધિ થાય તેમ પ્રવર્તે છે.

❅ ભાઈ, આવું મનુષ્યપણું ને આત્માને સાધવાનો આવો અવસર-એની એકેક ક્ષણ અમૂલ્ય છે; તેમાં અત્યારે આત્માનો નિર્ણય કરીને પોતાનું કામ કરી લેવા જેવું છે. -એ જ આત્માનું સાચું હિતરૂપ કાર્ય છે. સ્વાનુભૂતિવડે સમ્યગ્દર્શનાદિ કાર્ય કર્યું ત્યારે જ આત્મા સાચો કર્તા થયો, ત્યારે જ તે ધર્મનો કર્તા થયો, એટલે મોક્ષનો સાધક, ધર્માત્મા થયો. ત્યાર પહેલાં તો અજ્ઞાનથી રાગનો કર્તા થતો હતો, ને ધર્મનો કર્તા થતો ન હતો. હવે રાગનો અકર્તા થઈને ધર્મનો કર્તા થયો, તેથી તે જ સાચો કર્તા છે.

❅ જીવનો કોઈપણ ભાવ-તે ધર્મ છે કે નહીં ? તે મોક્ષનું કારણ છે કે નહીં ? -તે નક્કી કરવાનું એક સહેલું ત્રાજવું આ છે કે-

* તે ભાવ જીવના પાંચ ભાવમાંથી કયો ભાવ છે ?
* જો તે ભાવ ઔદયિકભાવ છે-તો તરત જ સમજી લેવું કે તે ધર્મ નથી, તે મોક્ષમાર્ગ નથી.
* જેટલા ઉદયભાવો છે તે બધામાંથી કોઈ પણ મોક્ષનું કારણ નથી, એટલે તે ધર્મ નથી.
* બંધના કારણરૂપ જે કોઈ ભાવો હોય તે બધાય ઉદયભાવ છે; તેને મોક્ષનું સાધન ન માનવું, તેને ધર્મ ન માનવો.

❅ શુદ્ધાત્માની શ્રદ્ધા-જ્ઞાન-અનુભૂતિ વગર બહારનું કે શાસ્ત્રનું ગમે તેટલું જાણપણું હોય પણ તે ખરું જ્ઞાન નથી, મોક્ષમાર્ગમાં તેની કાંઈ કિંમત નથી. મોક્ષમાર્ગનું મૂળ તો સમ્યગ્દર્શન છે. આત્માનું પરમ ગંભીર સ્વરૂપ જેવું છે તેવું જ્ઞાનમાં લઈને તેની સમ્યક્શ્રદ્ધા કરે તે જીવને બીજું જાણપણું ભલે થોડું હોય તોપણ તે મોક્ષના માર્ગમાં છે, આરાધક છે. માટે હે ભવ્ય ! બીજું તને આવડે કે ન આવડે, પણ આત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધાને બરાબર ટકાવી રાખજે. સમ્યગ્દર્શન વડે પણ તારું આરાધકપણું ચાલુ રહેશે.

❅ કોઈ જીવને સમ્યગ્દર્શન હોય ને ચારિત્રદશા-મુનિદશા અત્યારે ન હોય તોપણ તે આરાધક છે, ને અલ્પકાળમાં ચારિત્રદશા પ્રગટ કરીને તે તો મોક્ષ પામશે.

**પણ જે જીવને સમ્યગ્દર્શન નથી તે તો અનંતકાળે પણ મોક્ષ પામતો નથી. સમ્યગ્દર્શન વગર જ્ઞાન-ચારિત્ર વગેરે કોઈ ધર્મો સાચા હોતાં નથી. માટે સમ્યગ્દર્શનને ધર્મનું મૂળ જાણીને હે ભવ્ય ! તું તેની આરાધનામાં દ્રઢ રહેજે.**

❁ **આહા ! સમ્યગ્દર્શન તો જગતનું અલૌકિક રત્ન છે... નિર્વિકલ્પ ચૈતન્યનો સ્વાદ તે ચખાડે છે. આવા સમ્યગ્દર્શન-રત્નના મૂલ્યથી તો મોક્ષ મળે છે. સમ્યક્ત્વ વગરનું શાસ્ત્રજ્ઞાન કે તપસ્યા કરે તોપણ તે જીવ મિથ્યાદ્રષ્ટિપણે સંસારમાં ને સંસારમાં જ ભમ્યા કરે છે. સમ્યગ્દર્શનરૂપી પવિત્ર જળ તો પાપનો નાશ કરીને ઉત્કૃષ્ટજ્ઞાન પમાડે છે. આવા સમ્યક્ત્વનો પવિત્ર પ્રવાહ જેના અંતરમાં વર્તે છે તે આરાધક જીવ જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ કરતો કરતો મોક્ષને પામે છે. આ રીતે સમ્યક્ત્વનો અપાર મહિમા જાણીને તેની આરાધના કરો. આત્માની અપૂર્વ શાંતિનું વેદન એ જ સાચી આરાધના છે.**

## અરિહંતોનું પરમ સુખ

### [ તેની ઓળખાણનું ફળ ]

શ્રી અરિહંત ભગવંતો પરમ અતીન્દ્રિય સુખી છે.

શું તીર્થંકરપ્રકૃતિનો ઉદય છે તે કારણે તેઓ સુખી છે? કે શું સમવસરણનો સંયોગ કે ઇન્દ્રોદ્વારા પૂજ્યતાને કારણે તેઓ સુખી છે? –ના; તીર્થીંકરપ્રકૃતિને લીધે કે સમવસરણના સંયોગને લીધે તે અરિહંતો સુખી નથી, (કેમકે બધાય અરિહંતોને કાંઈ તીર્થંકરપ્રકૃતિ હોતી નથી, છતાં તેઓ પરમ સુખી છે.) તેઓ તો પોતાના ચૈતન્યભાવથી જ સ્વયમેવ સુખી છે. અતીન્દ્રિયજ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી તેઓ સ્વયંભૂ–સુખી છે. અને પોતે જ સુખરૂપ–સુખી થયા હોવાથી, તીર્થંકરપ્રકૃતિ વગર કે સમવસરણાદિ વગર પણ સુખી રહે છે. તેમનું સુખ કર્મોદયના કાર્યોથી ન્યારું જ છે. તેમનું સુખ કર્મોના ઉદયજનિત નથી, પણ કર્મોના ક્ષયજનિત છે.

તે અરિહંતોને તે કાળે ઉત્તમ પુણ્યફળ વિદ્યમાન હો ભલે, [ पुण्णफला अरहंता ] –પરંતુ તેમનું સુખ કાંઈ તે પુણ્યફળને લીધે નથી. પુણ્યફળ તે તો ઉદયભાવ છે, ને અરિહંતોનું સુખ તો ક્ષાયિકભાવે છે. એવા અરિહંતોની સાચી ઓળખાણ કરનારને ચૈતન્યના અતીન્દ્રિય સુખનો સ્વાદ આવે છે.

અરિહંતોના આવા અતીન્દ્રિયસુખની શ્રદ્ધા સમ્યગ્દ્રષ્ટિ જ કરે છે.

શ્રી કુન્દકુન્દસ્વામી કહે છે કે–

**જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.**

# હરિવંશ-પુરાણના વૈરાગ્યપ્રસંગો

## ગજકુમાર-વૈરાગ્ય

**દેવકી માતાના આઠમા પુત્ર ગજકુમાર; તે શ્રીકૃષ્ણના નાના ભાઈ; તેઓ નેમપ્રભુના પિતરાઈ ભાઈ થાય.**

અનેક રાજકન્યાઓ સાથે તેમજ સોમશર્મા બ્રાહ્મણની પુત્રી સોમા સાથે ગજકુમારના વિવાહ આરંભ્યા... એવામાં વિહાર કરતા કરતા શ્રી નેમિતીર્થંકર ગીરનાર પધાર્યા. જિનરાજ પધારતાં સૌ દર્શનાર્થે ચાલ્યા. ગજકુમારે જાણ્યું કે અહો! આ તો મારા ભાઈ, ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ પધાર્યા છે! તેઓ પણ હર્ષપૂર્વક પ્રભુદર્શને ચાલ્યા. પ્રભુદર્શનથી પરમ પ્રસન્ન થયા. પ્રભુના શ્રીમુખેથી તીર્થંકરાદિનું પાવન ચરિત્ર સાંભળતાં અતિશય વૈરાગ્ય પામીને, તરત જ માતા–પિતાને છોડીને જિનેન્દ્રદેવના ચરણનું શરણ લીધું; સંસારથી ભયભીત અને પ્રભુના મહા ભક્ત એવા તે વૈરાગી ગજકુમારે ભગવાનની આજ્ઞાપૂર્વક દિગંબર દીક્ષા ધારણ કરી, અને ચૈતન્યધ્યાનમાં તલ્લીનતાપૂર્વક મહાન તપ કરવા લાગ્યા. તેમની સાથે જેની સગાઈ થયેલી તે રાજપુત્રીઓએ પણ દીક્ષા લઈ લીધી.

સોમશર્મા બ્રાહ્મણ પોતાની પુત્રીને ગજકુમારે રખડાવી–એમ સમજી, અત્યંત ક્રોધિત થયો. સાધુ થવું’તું તો મારી પુત્રી સાથે સગાઈ કેમ કરી? –એમ ક્રોધપૂર્વક તેણે ગજસ્વામી–મુનિરાજના મસ્તકે અગ્નિ સળગાવીને ઘોર ઉપસર્ગ કર્યો... માથું ભડભડ બળવા લાગ્યું... અત્યંત કોમળ શરીર સળગવા લાગ્યું...

પણ આ તો ઘોરપરાક્રમી ગજકુમાર! –જાણે શાંતિનો પહાડ! એ અગ્નિથી ડગે નહિ. એ ગંભીર મુનિરાજ તો સ્વરૂપની મસ્તીમાં મસ્ત, એકલા પ્રતિમાયોગ ધારીને ઊભા છે. બહારમાં મસ્તક તો અગ્નિમાં બળે છે પણ અંદર આત્મા તો ચૈતન્યના પરમ શાંતરસમાં તરબોળ છે. સર્વે પરિષહ સહનારા તે મુનિરાજ, અત્યંત શૂરવીરપણે આરાધનામાં દ્રઢ રહી, તે જ વખતે ક્ષપકશ્રેણી માંડી, શુક્લધ્યાન વડે કર્મોને ભસ્મ કરી,

કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા. નેમનાથપ્રભુના તીર્થમાં તેઓ અંતકૃત કેવળી થયાં. તેમના કેવળજ્ઞાન અને નિર્વાણ બંને કલ્યાણક દેવોએ એકસાથે કર્યાં.

ગજકુમારના મોક્ષની આ વાત સાંભળીને તરત સમુદ્રવિજય મહારાજ (નેમપ્રભુના પિતાજી) વગેરે નવે ભાઈઓ (વસુદેવ સિવાયના) એ સંસારથી વિરક્ત થઈને જિનદીક્ષા ધારણ કરી. માતાજી–શિવાદેવી વગેરેએ પણ દીક્ષા લીધી. ફરી પાછા અનેક વર્ષ વિહાર કરી નેમપ્રભુ પુનઃ ગીરનાર પધાર્યા.

[ આત્મસાધના માટે ગજકુમાર સ્વામીના આ ઘોર પુરુષાર્થનો પ્રસંગ ગુરુદેવને ખૂબ પ્રિય છે, ને અવાર–નવાર પ્રવચનમાં જ્યારે તેનું ભાવભીનું વર્ણન કરે છે ત્યારે મુમુક્ષુનો આત્મા ચૈતન્યના પુરુષાર્થથી થનગની ઊઠે છે, ને મોક્ષના એ અડોલ –અપ્રતિહત સાધક પ્રત્યે હૃદય ઉલ્લાસથી નમી જાય છે. ]

❄ ❄ ❄

નેમપ્રભુ પુનઃ ગીરનાર પધાર્યા, ને બળદેવ–વાસુદેવ–પ્રદ્યુમ્ન વગેરે પ્રભુના દર્શને આવ્યા. પછી શું થયું? તેની કથા હવે વાંચો.

## દ્વારકાનગરી જ્યારે સળગી ગઈ... ત્યારે...

### [ દ્વારકા ભલે દગ્ધ થઈ પણ ધર્માત્માની શાંતપર્યાય નથી સળગી ]

ગીરનાર પર નેમપ્રભુના શ્રીમુખેથી દિવ્યધ્વનિનો વીતરાગી ઉપદેશ સાંભળ્યા બાદ, બળભદ્રે વિનયથી ભગવાનને પૂછયું– હે દેવ! આ અદ્‌ભુત દ્વારકાપુરી કુબેરે રચી છે, તો હવે તેની કેટલા વર્ષ સ્થિતિ છે? જે વસ્તુ કૃત્રિમ હોય તેનો નાશ થાય જ. તો આ નગરી સહેજે વિલય પામશે કે કોઈના નિમિત્તથી? વાસુદેવનો પરલોકવાસ કયા કારણે થશે? –મહાપુરુષનું શરીર પણ કાંઈ કાયમ રહેતું નથી. અને મને સંયમની પ્રાપ્તિ ક્યારે થશે? મને જગતસંબંધી બીજા પદાર્થોનું મમત્વ તો અલ્પ છે, માત્ર એક ભાઈ –શ્રીકૃષ્ણના સ્નેહબંધનથી બંધાયેલો છું.

નેમપ્રભુએ, કહ્યું–આજથી બાર વર્ષ બાદ માદકપીણાની ઉન્મત્તતાથી યાદવકુમારો

દ્વીપાયનને ક્રોધ ઉપજાવશે, ને તે દ્વીપાયનમુનિ (બળભદ્રના મામા) ક્રોધવડે આ દ્વારકા નગરીને ભસ્મ કરશે. તથા મહાભાગ શ્રીકૃષ્ણ કોશાંબીના વનમાં સૂતા હશે ત્યારે તેમના જ ભાઈ જરત્કુમારના બાણથી તે પરલોકને પામશે. ત્યારબાદ છ માસ પછી તમે સંસારથી વિરક્ત થઈને સંયમદશાને ધારણ કરશો.

જન્મ–મરણનાં દુઃખનું કારણ તો રાગ–દ્વેષ ભાવ છે; અને જ્યારે પુણ્યપ્રતાપનો ક્ષય થાય ત્યારે બહારમાં અનેક કારણ મળે છે. વસ્તુસ્વભાવને જાણનારા જ્ઞાની પુણ્ય પ્રતાપ વખતે હર્ષ ન કરે ને તેના નાશ વખતે વિષાદ ન કરે. વાસુદેવના વિયોગથી તમને (બળભદ્રને) ઘણો ખેદ થશે, પછી પ્રતિબુદ્ધ થઈને ભગવતી દીક્ષા ધારણ કરશો, ને પાંચમા બ્રહ્મસ્વર્ગમાં જશો, ત્યાંથી નરભવ પામીને નિરંજન થશો.

પ્રભુની આ વાત સાંભળીને દ્વીપાયન તો તરત દીક્ષા ધારણ કરીને દ્વારકાથી દૂર–સુદૂર વિહાર કરી ગયો.

તથા જરત્કુમાર પણ પોતાના હાથે હરિનું મૃત્યુ થવાનું સાંભળીને અતિ દુઃખી થયો ને કુટુંબ તજી દૂરદૂર એવા વનમાં ગયો કે જ્યાં હરિનું દર્શન પણ ન થાય. શ્રીકૃષ્ણના સ્નેહને લીધે તે જરત્કુમાર ખૂબ વ્યાકુળ થઈ ગયો, હરિ તેને પ્રાણ જેવા વહાલા હતા, તેથી તે દૂરદૂર વનમાં રહીને વનચરની જેમ રહેવા લાગ્યો.

બીજા બધા યાદવો, દ્વારકાનું હોનહાર સાંભળીને ચિંતાથી દુઃખિત હૃદયે દ્વારકા આવ્યા, દ્વારકા તો જૈનધર્મીઓની પુરી, મહા દયાધર્મથી ભરેલી, ત્યાં માંસ–મદ્ય તો કેવા? જ્યાં બળદેવ–વાસુદેવનું રાજ્ય, ત્યાં કુવસ્તુની ચર્ચા કેવી? પરંતુ કર્મભૂમિ છે એટલે કોઈ પાપી જીવો ગુપ્તપણે મદ્યાદિનું સેવન કરતા હોય! –એમ વિચારી બળદેવ–વાસુદેવે દ્વારકાનગરીમાં ઘોષણા કરી કે કોઈએ ઘરમાં મદ્ય–માંસની સામગ્રી રાખવી નહિ; જેની પાસે હોય તેણે તરત નગરબહાર ફેંકી દેવી. –આ સાંભળી જેની પાસે મદ્ય સામગ્રી હતી તેમણે તે કદંબવનમાં ફેંકી દીધી, ને ત્યાં તે સુકાવા લાગી.

વળી શ્રીકૃષ્ણે દ્વારકાના બધા નરનારીઓને વૈરાગ્ય માટે ઘોષણા કરી, ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે મારા પિતા–માતા–ભાઈ–બેન–પુત્ર–પુત્રી–સ્ત્રી અને નગરના લોકો, જેઓને વૈરાગ્ય ધરવો હોય તેઓ શીઘ્ર વૈરાગ્ય ધારણ કરો, શીઘ્ર જિનદીક્ષા લઈને આત્મકલ્યાણ કરો, હું કોઈને નહિ રોકું.

શ્રીકૃષ્ણની આ વાત સાંભળીને તેના પુત્રો પ્રદ્યુમ્નકુમાર, ભાનુકુમાર વગેરે ચરમશરીરી હતા તેમણે દીક્ષા લઈ લીધી; સત્યભામા–રુકમણી–જાંબુવતી વગેરે આઠે પટરાણી અને બીજી હજારો રાણીઓએ પણ દીક્ષા લીધી; દ્વારકાનગરની પ્રજામાંથી ઘણાં પુરુષો મુનિ થયા, ઘણી સ્ત્રીઓ આર્યિકા થઈ. શ્રીકૃષ્ણે બધાને પ્રેરણા આપતાં એમ કહ્યું કે સંસાર સમાન કોઈ સમુદ્ર નથી, માટે સંસારને અસાર જાણીને નેમિનાથપ્રભુએ બતાવેલા મોક્ષમાર્ગનું શરણ લ્યો. મારે તો આ ભવમાં વૈરાગ્યનો યોગ નથી, અને બળદેવને મારા પ્રત્યે મોહને લીધે હમણાં મુનિવ્રત નથી, –મારા વિયોગ પછી તે મુનિવ્રત ધારણ કરશે. તેથી બાકીના મારા બધા ભાઈઓ, યાદવો, અમારા વંશના રાજાઓ, કુટુંબીજનો, પ્રજાજનો સૌ આ ક્ષણભંગુર સંસારનો સંબંધ છોડીને શીઘ્ર જિનરાજના ધર્મને આરાધો, મુનિ તથા શ્રાવકનાં વ્રત ધારણ કરો.

શ્રીકૃષ્ણની એ વાત સાંભળી ઘણા જીવો વૈરાગી થઈ વ્રત ધારવા લાગ્યા. કોઈ મુનિ થયા, કોઈ શ્રાવક થયા. સિદ્ધાર્થ–કે જે બળદેવનો સારથી હતો તેણે પણ વૈરાગ્ય પામીને બળદેવ પાસે દીક્ષા માટે રજા માંગી. ત્યારે બળદેવે રજા આપતાં કહ્યું કે કૃષ્ણના વિયોગમાં જ્યારે મને સંતાપ ઊપજે ત્યારે તમે દેવલોકથી આવીને મને સંબોધન કરજો. સિદ્ધાર્થે તે વાત કબુલ રાખીને મુનિદીક્ષા લીધી. દ્વારકાના બીજા અનેક લોકો પણ બાર વર્ષ વીતાવવા માટે નગરી છોડીને વનમાં ચાલ્યા ગયા, ને ત્યાં વ્રત–ઉપવાસ–દાન –પૂજાદિમાં તત્પર થયા. પરંતુ... તેઓ બારવર્ષની ગણતરી ભૂલી ગયા, ને બારવર્ષ પૂરા થયા પહેલાં જ, બાર વર્ષ વીતી ગયા–એમ સમજીને નગરીમાં આવી વસ્યા. –રે હોનહાર !

આ બાજુ દ્વીપાયનમુનિ–કે જે વિદેશમાં વિહાર કરી ગયા હતા તે પણ ભૂલ્યા, ને ભ્રાંતિથી બાર વર્ષ પૂરા થવાનું સમજીને પહેલાં જ દ્વારકા આવ્યા. –તે મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી મનમાં એમ વિચારવા લાગ્યા કે ભગવાને જે ભવિતવ્ય ભાખ્યું હતું તે ટળી ગયું ! –આમ ધારી તેણે દ્વારકા નજીકના ગિરિ પાસે આતાપનયોગ ધારણ કર્યો.

તે વખતે શ્રીકૃષ્ણના પુત્ર શંબુકુમાર વગેરે યાદવકુમારો, વનક્રીડા કરવા માટે ગયા હતા; તેઓ થાક્યા અને બહુ તરસ લાગી; તેથી કદંબવનના કુંડમાંથી પાણી ગળીને પીધું. અગાઉ યાદવોએ જે મદીરા નગર બહાર ફેંકી દીધી હતી તેનું પાણી ધોવાઈ ને આ કુંડમાં ભેગું થયું હતું, તેમાં મહુડાના ફળ પડયા ને તડકાનો તાપ લાગ્યો, તેથી તે બધું પાણી મદિરા જેવું થઈ ગયું હતું. તરસ્યા યાદવકુમારોએ તે

પાણી પીધું. –બસ! કદંબવનની તે કાદંબરી (મદીરા) પીવાથી તે યાદવકુમારોને કેફ ચડયો, તેઓ ઉન્મત્ત થઈને જેમ તેમ બકવા લાગ્યા, આમતેમ નાચવા લાગ્યા. દ્વારકા તરફ આવતાં માર્ગમાં તેમણે દ્વીપાયનને દેખ્યા. દેખતાંવેંત કહ્યું: અરે, આ તો દ્વીપાયન, જેના દ્વારા દ્વારાકાનગરીનો નાશ થવાનો હતો તે! હવે તે આપણાથી બચીને ક્યાં જવાનો છે? એમ કહીને તે કુમારો નિર્દયપણે તે તપસીને પાણા મારવા લાગ્યા. એવા માર્યા કે તે તપસી જમીન પર પડી ગયા.

ત્યારે તે દ્વીપાયનને ઘણો ક્રોધ ઊપજ્યો. (અરે, હોનહાર!) ક્રોધથી હોઠ ભીંસીને તેણે આંખો ચડાવી અને યાદવોના પ્રલય માટે કટિબદ્ધ થયો. યાદવકુમારો ભયના માર્યા દોડયા અને દોડંદોડ દ્વારકાનગરીમાં આવ્યા. આખી નગરીમાં હલચલ મચી ગઈ.

બળદેવ–વાસુદેવ આ વાત સાંભળતાં જ મુનિ પ્રત્યે ક્ષમા કરાવવા દોડયા. –અને ક્રોધાગ્નિથી પ્રજ્વલિત, જેના મોં સામે પણ ન જોઈ શકાય અને જે કંઠગતપ્રાણ છે– એવા ભયંકર દ્વિપાયન ઋષિ પ્રત્યે હાથ જોડી નમસ્કાર કરીને નગરીનું અભયદાન માંગ્યું. હે સાધુ! રક્ષા કરો. ક્રોધને શાંત કરો. તપનું મૂળ તો ક્ષમા છે; માટે ક્રોધ તજીને આ નગરીની રક્ષા કરો. ક્રોધ તો મોક્ષના સાધનરૂપ તપને ક્ષણમાત્રમાં બાળી નાંખે છે, માટે ક્રોધ જીતીને ક્ષમા કરો. હે સાધુ! બાળકોની અવિવેકી ચેષ્ટા માટે ક્ષમા કરો, ને અમારા ઉપર પ્રસન્ન થાઓ. –આમ બંને ભાઈઓએ પ્રાર્થના કરી.

–પણ ક્રોધી દ્વીપાયને તો દ્વારકાનગરીને બાળી નાંખવાનો નિશ્ચય કર્યો; બે આંગળી ઊંચી કરીને તેણે એમ સૂચવ્યું કે માત્ર તમે બે ભાઈઓ જ બચશો, બીજું કોઈ નહિ.

ત્યારે તે બંને ભાઈઓએ જાણ્યું કે બસ, હવે દ્વારકામાં બધાનો નાશ આવી ચુક્યો. બંને ભાઈઓ ખેદખિન્ન થઈને દ્વારકા આવ્યા. અને હવે શું કરવું તેની ચિંતા કરવા લાગ્યા. તે જ વખતે શંબુકુમાર વગેરે અનેક ચરમશરીરી રાજકુમારો તો નગર બહાર નીકળીને ગીરીગૂફામાં જઈને રહ્યા. અને મિથ્યાદ્રષ્ટિ દ્વીપાયન ભયંકર ક્રોધરૂપ અગ્નિવડે દ્વારકાપુરીને ભસ્મ કરવા લાગ્યો. દેવોએ રચેલી દ્વારકાનગરી એકાએક ભડભડ સળગવા લાગી. હું નિર્દોષ છતાં મને આ લોકોએ માર્યો, માટે હવે હું તે પાપીઓ સહિત આખી નગરીને જ ભસ્મ કરી નાંખું! –એમ આર્ત્તધ્યાનસહિત તેજોલેશ્યાથી તે નગરીને બાળવા લાગ્યો. નગરીમાં ચારેકોર વિનાશનો ઉત્પાત મચી ગયો. ઘરેઘરે બધાને ભયનો રોમાંચ થયો. આગલી રાતે નગરીના લોકોએ ભયંકર સ્વપ્નો દેખ્યા તે પાપી દ્વીપાયન, મનુષ્યો અને તિર્યંચોથી ભરેલી તે

દ્વારકાનગરીને બાળવા લાગ્યો. અગ્નિમાં અનેક પ્રાણીઓ સળગે, તે સળગતા પ્રાણીઓ અત્યંત કરુણ વિલાપ કરવા લાગ્યા.. કોઈ અમને બચાવો રે બચાવો! આવો કરુણ ચિત્કાર દ્વારકામાં કદી થયો ન હતો. બાળ–વૃદ્ધ–સ્ત્રી, પશુ ને પંખી બધા અગ્નિમાં બળવા લાગ્યા... દેવોએ રચેલી દ્વારકાનગરી ભડભડ બળવા લાગી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે અરે! આ મહા દ્વારકાપુરી, જેની દેવોએ રચના કરી, અને અનેક દેવો જેના સહાયક હતા, તે બધા અત્યારે ક્યાં ગયા? કેમ કોઈએ દ્વારકાને બચાવી નહિ?

તેનું સમાધાનઃ હે ભાઈ! સર્વજ્ઞ ભગવાને દેખેલી ભવિતવ્યતા દુર્નિવાર છે. જ્યારે આવું હોનહાર થયું ત્યારે દેવો પણ દૂર થઈ ગયા. જ્યાં ભવિતવ્ય જ એવું ત્યાં દેવો શું કરે? જો દેવો ન ચાલ્યા જાય ને નગરીની રક્ષા કરે તો તે કેમ સળગે? જ્યાં નગરી સળગવાનો સમય આવ્યો ત્યાં દેવો ચાલ્યા ગયા. અને બધા લોકો ભયભીત થઈને બળદેવ–વાસુદેવના શરણે આવીને અતિશય વ્યાકુળતાથી પોકાર કરવા લાગ્યા–હે નાથ! હે કૃષ્ણ! અમારી રક્ષા કરો, અગ્નિમાંથી અમને બચાવો.

ત્યારે બળભદ્ર અને શ્રીકૃષ્ણ કિલ્લો તોડીને દરિયાના પાણી વડે આગ બુઝાવવા મથ્યા... પરંતુ રે દેવ! એ પાણી પણ તેલ જેવું થવા લાગ્યું ને તેના વડે ઊલ્ટી વધુ આગ લાગવા માંડી. ત્યારે આગને ઠારવાનું અસાધ્ય જાણીને તે બંને ભાઈ માતા–પિતાને નગર બહાર કાઢવાના ઉદ્યમી થયા. રથમાં માતા–પિતાને બેસાડીને ઘોડા જોડયા પણ તે ન ચાલ્યા; હાથી જોડયા તે પણ ન ચાલ્યા; રથના પૈયા પૃથ્વીમાં ખૂંચી ગયા.. અંતે હાથી–ઘોડાથી રથ નહિ ચાલે એમ દેખીને તે શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંને ભાઈઓ પોતે રથમાં જુત્યા અને જોર કરીને ખેંચવા લાગ્યા... પરંતુ રથ તો ન ચાલ્યો તે ન જ ચાલ્યો... એ તો ત્યાં ને ત્યાં જ ખોડાઈ ગયો. જ્યારે બળદેવ જોર કરવા લાગ્યા ત્યારે નગરીના દરવાજા આપોઆપ બીડાઈ ગયા. બંને ભાઈઓએ પાટુ મારી મારીને દરવાજા તોડયા, ત્યાં તો આકાશમાંથી દેવવાણી થઈ કે માત્ર તમે બે ભાઈઓ જ દ્વારકામાંથી નીકળી શકશો, ત્રીજું કોઈ નહિ. માતા–પિતાને પણ તમે નહિ બચાવી શકો.

ત્યારે માતા–પિતાએ ગદ્ગદ્ ભાવે કહ્યું– હે પુત્રો! તમે શીઘ્ર ચાલ્યા જાઓ, અમારું તો મરણ નક્કી છે; અહીંથી હવે એક પગલું પણ ગમન થઈ શકશે નહિ. માટે તમે જાઓ... તમે યદુવંશના તિલક છો. તમે જીવશો તો બધું થઈ રહેશે.

બંને ભાઈઓ અત્યંત હતાશપણે, માતા–પિતાના પગે પડી, વંદન કરી, તેમની રજા લઈને નગર બહાર ચાલ્યા. (અરે, ત્રણખંડના ઈશ્વર માતા–પિતાનેય ન બચાવી શક્યા.) બહાર આવીને જોયું. –તો શું દેખ્યું? સુવર્ણરત્નમયી દ્વારકાનગરી આખી ભડભડ સળગી રહી છે– ઘરે ઘરે આગ લાગી છે, રાજમહેલો ભસ્મ થયા છે. ત્યારે બંને ભાઈઓ એકબીજાના કંઠે વળગીને રોવા લાગ્યા... ને દક્ષિણદેશ તરફ જવા લાગ્યા. (જુઓ, આ પુણ્યસંયોગની દશા!)

આ બાજુ દ્વારકાપુરીમાં તેમના પિતા વસુદેવ વગેરે અનેક યાદવો, તેમની રાણીઓ વગેરે પ્રાયોપગમન–સંન્યાસ ધારણ કરીને દેવલોકમાં ગયા. બળદેવના કેટલાક પુત્રો વગેરે જેઓ તદ્ભવમોક્ષગામી હતા, તેમજ સંયમ ધારવાનો જેમનો ભાવ હતો તેમને તો દેવો નેમનાથ ભગવાનની નીકટ લઈ ગયા; અનેક યાદવો અને તેમની રાણીઓ જેઓ ધર્મધ્યાનના ધારક હતા અને જેઓનું અંતઃકરણ સમ્યગ્દર્શનવડે શુદ્ધ હતું તેઓએ પ્રાયોપગમન–સંન્યાસ ધારણ કરી લીધો, તેથી તેમને તો ઉપસર્ગ આર્ત્ત–રૌદ્રધ્યાનનું કારણ ન થયો, ધર્મધ્યાનપૂર્વક દેહ છોડીને તેઓ સ્વર્ગમાં ગયા. દેવકૃત –મનુષ્યકૃત–તિર્યંચકૃત કે કુદરતી ઉપજેલ–એ ચાર પ્રકારના ઉપસર્ગ છે, તે મિથ્યાદ્રષ્ટિ જીવોને તો રૌદ્રધ્યાનનું કારણ થાય છે, પણ સમ્યગ્દ્રષ્ટિ જીવોને કદી કુભાવનું કારણ થતા નથી. જેઓ સાચા જિનધર્મી છે તેઓ મરણ આવતાં પણ કાયર થતા નથી. ગમે ત્યારે ગમે તે પ્રકારે મરણ આવે તોપણ તેમને ધર્મની દ્રઢતા જ રહે છે. અજ્ઞાનીને મરણ વખતે ક્લેશ થાય છે તેથી કુમરણ કરીને તે કુગતિમાં જાય છે. અને જે જીવ સમ્યગ્દર્શનવડે શુદ્ધ છે, જેનાં પરિણામ ઉજ્જવળ છે તે જીવ સમાધિપૂર્વક મરણ કરીને સ્વર્ગમાં જાય છે ને પરંપરા મોક્ષને પામે છે. જે જિનધર્મી છે તેને એવી ભાવના રહે છે કે, આ સંસાર અનિત્ય છે, તેમાં જે ઊપજે છે તે જરૂર મરે છે, –માટે અમને સમાધિમરણ હો; ઉપસર્ગ આવી પડે તોપણ અમને કાયરતા ન થાઓ. –આમ સમ્યગ્દ્રષ્ટિને સદા સમાધિભાવના રહે છે. ધન્ય છે તે જીવોને–કે અગ્નિની પ્રચંડ જ્વાળા વચ્ચે દેહ ભસ્મ થવા છતાં જેઓ સમાધિને છોડતા નથી; કલેવરને તજે છે પણ સમતાને નથી તજતા. અહો, સત્પુરુષોનું જીવન નિજ–પરના કલ્યાણ માટે જ છે; મરણ આવે તોપણ તેઓ કોઈ પ્રત્યે દ્વેષ ચિંતવતા નથી, ક્ષમાભાવ સહિત દેહ છોડે છે, –એ સંતોની રીત છે.

અરે, દ્વિપાયન! જિનવાણીની શ્રદ્ધા છોડીને તેં તારો તપ પણ બગાડયો ને મરણ પણ બગાડયું; તેં પોતાનો ઘાત કર્યો ને અનેક જીવોનો પણ પ્રલય કર્યો. દુષ્ટ–

ભાવને લીધે તું સ્વપરને દુઃખદાયી થયો. જે પાપી પરજીવોનો ઘાત કરે છે તે ભવ–ભવમાં પોતાનો ઘાત કરે છે. જીવ જ્યાં કષાયોને વશ થયો ત્યાં તે પોતાનો ઘાત કરી જ ચૂક્યો, –પછી બીજા જીવનો ઘાત તો થાય કે ન થાય, તે તેના પ્રારબ્ધને આધીન છે. પણ આ જીવે તેનો ઘાત વિચાર્યો ત્યાં તેને જીવહિંસાનું પાપ લાગી ચૂકયું અને તે આત્મઘાતી થઈ જ ગયો. બીજાને હણવાનો ભાવ કરવો તે તો, ધગધગતો લોખંડનો ગોળો બીજાને મારવા માટે હાથમાં લેવા જેવું છે, – એટલે સામો તો મરે કે ન મરે પણ આ તો દાઝે જ છે; તેમ કષાયવશ જીવ પ્રથમ તો પોતે પોતાને જ કષાયઅગ્નિવડે હણે છે. કોઈને તપ તો નિર્વાણનું કારણ થાય, પરંતુ અજ્ઞાનને લીધે ક્રોધી દ્વીપાયનને તો તપ પણ દીર્ઘ સંસારનું કારણ થયું. ક્રોધથી પરનું બૂરું કરવા ચાહનાર જીવ પોતે દુઃખની પરંપરા ભોગવે છે. માટે જીવે ક્ષમાભાવ રાખવો યોગ્ય છે.

ક્રોધથી અંધ થયેલા દ્વીપાયન–તાપસે ભવિતવ્યતા–વશ દ્વારાવતી નગરીને ભસ્મ કરી, તેમાં કેટલાય બાળકો–વૃદ્ધો–સ્ત્રી–પશુઓ બળી ગયા; અનેક જીવોથી ભરેલી તે નગરી છ મહિના સુધી સળગતી રહી... અરે, ધિક્કાર આવા ક્રોધને કે જે સ્વ–પરનો નાશ કરીને સંસાર વધારનારો છે. ક્રોધવશ જીવ સંસારમાં ઘણાં દુઃખો ભોગવે છે. દ્વીપાયને ભગવાન નેમિનાથના વચનોની શ્રદ્ધાને ઓળંગીને, ભયંકર ક્રોધવડે પોતાનું બૂરું કર્યું, ને દ્વારકાનગરીને ભસ્મ કરી. આવા અજ્ઞાનમય ક્રોધને ધિક્કાર હો.

અરે, જુઓ તો ખરા આ સંસારની સ્થિતિ! બળદેવ અને શ્રીકૃષ્ણવાસુદેવ જેવા મોટા પુણ્યવંત પુરુષો કેવી મહાન વિભૂતિને પામ્યા, જેમની પાસે સુદર્શનચક્ર જેવા અનેક મહારત્નો હતા, હજારો દેવો જેમની સેવા કરતા ને હજારો રાજા જેમને શિર નમાવતા, –ભરતક્ષેત્રના એવા ભૂપતિ પુણ્ય ખૂટતાં રત્નોથી રહિત થઈ ગયા, નગરી ને મહેલો બધું બળી ગયું, સમસ્ત પરિવારનો વિયોગ થઈ ગયો, માત્ર પ્રાણ એ જ જેનો પરિવાર છે, કોઈ દેવ પણ એમની દ્વારકાનગરીને બળતી બચાવી ન શક્યા; એવા તે બંને ભાઈઓ અત્યંત શોકના ભારથી ભરેલા, જીવવાની આશાથી પાંડવો પાસે જવા દક્ષિણ મથુરા તરફ ચાલ્યા, જેમને પોતે રાજ્યમાંથી કાઢી મુકેલા તેમના જ શરણે જવાનો વારો આવ્યો. –રે સંસાર! પુણ્ય–પાપના આવા વિચિત્ર ખેલ દેખીને હે જીવ! તું પુણ્યના ભરોસે બેસી ન રહીશ, શીઘ્ર આત્મહિતને સાધજે. *

**જન્મમાં કે મરણમાં વળી સુખમાં કે દુઃખમાં,**
**સંસારમાં કે મોક્ષમાં, રે જીવ! તું તો એકલો.**

# પંચમકાળ પણ ધર્મકાળ છે

## સમ્યગ્દર્શન માટે અત્યારે પણ સુકાળ છે

**પ્રશ્નઃ-** આ પંચમકાળને નિયમસાર ( ગા. ૧૫૪ ) માં દગ્ધ અકાળ કહ્યો છે ને! તો આવા અકાળમાં ધર્મ કેમ થાય?

**ઉત્તરઃ-** ભાઈ, ધર્મને માટે કાંઈ આ અકાળ નથી, પંચમઆરાના છેડા સુધી ધર્મ રહેવાનો છે એટલે ધર્મને માટે તો આ પંચમકાળ પણ સુકાળ છે.

પંચમકાળને અકાળ કહ્યો તે તો કેવળજ્ઞાન-અપેક્ષાએ તથા વિશેષ ચારિત્રદશાની અપેક્ષાએ અકાળ કહ્યો છે; પણ સમ્યગ્દર્શનનો કાંઈ પંચમકાળમાં અભાવ નથી કહ્યો, સમ્યગ્દર્શનાદિ ધર્મ તો અત્યારે થઈ શકે છે. ભાઈ, સમ્યગ્દર્શનને માટે તો અત્યારે સુકાળ છે, ઉત્તમ અવસર છે; માટે કાળનું બહાનું કાઢીને સમ્યગ્દર્શનમાં પ્રમાદી થઈશ મા.

તું એટલો બધો શક્તિહીન નથી, તેમજ આ પંચમકાળ એટલો બધો ખરાબ નથી, કે સમ્યગ્દર્શન પણ થઈ ન શકે! અનેક જીવો આ પંચમકાળમાં સમ્યગ્દ્રષ્ટિ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રદશાના ધારક અનેક મુનિભગવંતો પણ ( કુંદકુંદસ્વામી, સમંતભદ્રસ્વામી વગેરે ) આ પંચમકાળમાં થયા છે. માટે હે ભવ્ય! શ્રી ગુરુનો ઉપદેશ પામીને સમ્યક્દર્શનધર્મ તો તું જરૂર પ્રગટ કર. પછી વિશેષ શક્તિ હોય તો ચારિત્રધર્મનું પણ પાલન કરજે. કદાચિત ચારિત્ર માટે વિશેષ શક્તિ ન હોય તોપણ, ચારિત્રની ભાવના રાખીને સમ્યક્શ્રદ્ધા તો તું જરૂર કરજે. હીનશક્તિનું બહાનું કાઢીને સમ્યગ્દર્શનમાં તું શિથિલ થઈશ મા; તેમજ ચારિત્રનું સ્વરૂપ વિપરીત માનીશ મા.

પંચમકાળ મોક્ષ માટે ભલે અકાળ હો– પણ કાંઈ સમ્યગ્દર્શનાદિ ધર્મને માટે તે અકાળ નથી; પંચમકાળ પણ ધર્મકાળ છે. જે જીવ સમ્યક્ત્વાદિ ધર્મ કરે તેને આ પંચમકાળમાં પણ થઈ શકે છે; એટલે સમ્યગ્દર્શન માટે અત્યારે પણ સુકાળ છે. સાતમા ગુણસ્થાન સુધીની દશા હજી સાડા અઢારહજાર (૧૮, ૫૦૦) વર્ષ સુધી આ ભરતક્ષેત્રમાં વિદ્યમાન રહેશે. માટે આ કાળને યોગ્ય સમ્યક્ત્વાદિ ધર્મ તું આત્માની નિજશક્તિથી જરૂર કરજે. એટલી શક્તિ તો તારામાં છે. નિજશક્તિથી ધર્મ સાધતાં તને એમ થશે કે અહો! સંતોના પ્રતાપે મારે માટે તો આ ઉત્તમ કાળ છે.

**ધર્મકાળ અહો વર્તે હજી પણ આ ભરતમાં,**
**આજ પણ ધર્મીજીવો છે પ્રભુ શ્રી વીરમાર્ગમાં.**

* * *

**જાંબુડી:** ગુજરાતમાં હિંમતનગરથી આઠ માઈલ દૂર આવેલ જાંબુડી ગામમાં જિનમંદિરનો જીર્ણોદ્ધાર થઈને પ્રતિષ્ઠા, તથા કળશધ્વજારોહણ નિમિત્તે એક ઉત્સવ ઉજવવાનું નક્કી થયું છે. બાવીસ વર્ષે કલશ–ધ્વજારોહણ થતું હોવાથી ત્યાંના મુમુક્ષુઓને ઘણો ઉલ્લાસ છે. આ પ્રસંગે કારતક સુદ પાંચમથી તેરસ સુધી શિક્ષણવર્ગ પણ રાખવામાં આવ્યો છે. કલશ–ધ્વજારોહણનું મૂરત કારતક સુદ તેરસનું છે. આ પ્રસંગે ગુરુદેવને જાંબુડી પધારવાની વિનંતિ કરવા માટે જાંબુડી તેમજ ગુજરાતના પચાસભાઈઓ બાબુભાઈ સાથે સોનગઢ આવ્યા હતા; ગુરુદેવે તેમની વિનંતિ સ્વીકારી છે. ને કારતક સુદ ચોથે સોનગઢથી પ્રસ્થાન કરી, અમદાવાદ –હિંમતનગર થઈ, કારતક સુદ પાંચમે જાંબુડી પધારશે અને કારતક સુદ તેરસ સુધી જાંબુડી રહેશે. *

# સમ્યગ્જ્ઞાનનો મહિમા; અને તેની આરાધનાનો ઉપદેશ

**મોક્ષમાર્ગનું બીજું રત્ન સમ્યગ્જ્ઞાન છે; સમ્યગ્દર્શન સાથેનું તે સમ્યગ્જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ જેવો છે તેવો જાણે છે. સમ્યગ્દર્શન સાથેના તે સ્વસન્મુખી જ્ઞાનમાં અંશે અતીન્દ્રિયપણું થયું છે, રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો સ્વાદ તેમાં આવ્યો છે. - આવું સમ્યગ્જ્ઞાન તે વીતરાગ વિજ્ઞાન છે. આવા જૈનધર્મને પામીને આત્માના સુખને માટે હે ભવ્ય જીવો ! તમે સમ્યગ્જ્ઞાનને નિરંતર આરાધો -એમ વીતરાગ માર્ગી સંતોનો ઉપદેશ છે.**

સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાનથી ઉત્પત્તિ થાય છે, એકસાથે જ બન્ને પ્રગટે છે, તેમાં સમયભેદ નથી, તોપણ તે બન્નેની ભિન્ન–ભિન્ન આરાધના કહેવામાં આવી છે; કેમકે લક્ષણભેદે બંનેમાં ભેદ છે, તેમાં કાંઈ બાધા નથી. સમ્યગ્દર્શનનું લક્ષણ તો શુદ્ધાત્માની શ્રદ્ધા છે, અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ સ્વ–પરને પ્રકાશવારૂપ જ્ઞાન છે. તેમાં સમ્યક્ શ્રદ્ધા તે કારણ છે અને સમ્યગ્જ્ઞાન તે કાર્ય છે; બન્ને સાથે હોવા છતાં દીપક અને પ્રકાશની માફક તેમનામાં કારણ–કાર્યપણું કહેવામાં આવે છે. સમ્યક્શ્રદ્ધા અને જ્ઞાન બંને આરાધના એકસાથે જ શરૂ થાય છે પણ પૂર્ણતા એકસાથે થતી નથી. ક્ષાયિક સમ્યક્ત્વ થતાં શ્રદ્ધા–આરાધના તો પૂરી થઈ ગઈ, પણ જ્ઞાનની આરાધના તો કેવળજ્ઞાન થાય ત્યારે પૂરી થાય છે; માટે જ્ઞાનની આરાધના જુદી બતાવી છે. સમ્યગ્દર્શનની જેમ સમ્યગ્જ્ઞાનનો પણ ઘણો મહિમા છે.

જેમ સૂર્ય પોતાને તેમજ પરને પ્રકાશે છે, તેમ સમ્યગ્જ્ઞાનરૂપી ચૈતન્યસૂર્ય પોતાના આત્મસ્વરૂપને તેમજ પરને પ્રકાશે એવો તેનો સ્વભાવ છે. રાગમાં કાંઈ સ્વને કે પરને જાણવાની શક્તિ નથી. ‘હું રાગ છું’ એમ કાંઈ રાગને ખબર નથી પણ રાગથી જુદું એવું જ્ઞાન જાણે છે કે ‘આ રાગ છે અને હું જ્ઞાન છું, આ રીતે રાગનો

અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે. ખરેખર રાગમાં ચેતનપણું જ નથી; જ્ઞાનના અચિંત્ય સામર્થ્ય પાસે રાગ તો કાંઈ છે જ નહીં. નિજભાવમાં અભેદ થઈને, અને પરભાવથી ભિન્ન રહીને જ્ઞાન સ્વ–પરને સ્વભાવ–વિભાવને બધાયને જેમ છે તેમ જાણે છે. રાગ પણ જ્ઞાનથી ભિન્ન તત્ત્વ છે, રાગ તે કાંઈ સ્વતત્ત્વ નથી. આવું ભેદજ્ઞાન કરવાની તાકાત જ્ઞાનમાં જ છે. તે જ્ઞાન વીતરાગ–વિજ્ઞાન છે, તે જગતમાં સારરૂપ છે, મંગળરૂપ છે અને મોક્ષનું કારણ છે.

મુમુક્ષુજીવે પ્રથમ તો સાચા તત્ત્વજ્ઞાન વડે સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. જ્ઞાન કે ચારિત્ર સમ્યગ્દર્શન વગર સાચા હોતાં નથી. મિથ્યાત્વસહિત શાસ્ત્રનું જે કાંઈ જાણપણું હોય કે વ્રતાદિ શુભ આચરણ હોય તે બધું મિથ્યા જ છે, તેનાથી જીવને અંશમાત્ર સુખ મળતું નથી. મોક્ષનું પ્રથમ પગલું સમ્યગ્દર્શન છે, તેને હે ભવ્ય જીવો! તમે શીઘ્ર ધારણ કરો.

અરે, આ સંસારના દુઃખોથી છૂટીને જેને મોક્ષ જોઈતો હોય તેને માટે આ વાત છે. જીવ સંસારદુઃખ તો અનાદિથી વેદી જ રહ્યો છે; પુણ્ય ને પાપ; સ્વર્ગને નરક એ તો અનાદિથી કરી જ રહ્યો છે, એ કોઈ નવી વાત નથી; તેનાથી પાર આત્માનો અનુભવ કેમ થાય, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કેમ થાય? તેની આ વાત છે. આ અપૂર્વ છે, અને આ જ સુખી થવાનો ઉપાય છે. ભાઈ! સંસારની ચારગતિની રખડપટીથી તું થાક્યો હો ને હવે તેનાથી છૂટીને મોક્ષસુખને ચાહતો હો–તો આ ઉપાય કર.. વીતરાગ વિજ્ઞાનરૂપ સાચું જ્ઞાન કર, આત્મજ્ઞાન કર.

અહો! સમ્યગ્જ્ઞાન અપૂર્વ ચીજ છે; તે જ સર્વ કલ્યાણનું મૂળ છે, તેના વગર કિંચિત્ કલ્યાણ થતું નથી. એક ક્ષણ પણ નિર્વિકલ્પ ચિદાનંદ આત્માના અનુભવ સહિત સમ્યગ્જ્ઞાન કરે તો કલ્યાણ થાય. તેની પ્રાપ્તિ પોતાથી થાય છે, બીજા પાસેથી થતી નથી. દેવ–ગુરુ–શાસ્ત્ર એમ કહે છે કે હે જીવ! તારે માટે અમે પરદ્રવ્ય છીએ; અમારી સન્મુખતાથી તને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ નહિ થાય, પણ તારા પોતાના લક્ષે જ તને સમ્યગ્દર્શનાદિ થશે, માટે રાગની ને પરાશ્રયની બુદ્ધિ છોડ. પરલક્ષ છોડીને પોતામાં પુણ્યપાપથી પાર એવા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની રુચિ કર. બાહ્યપદાર્થો તો ક્યાંય રહ્યા, પોતામાં રહેલા ગુણના ભેદનો વિકલ્પ પણ જેમાં નથી–એવું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે તે અપૂર્વ ચીજ છે. તેના વગર પૂર્વે બીજું બધું જીવે કર્યું, પણ પોતાના સ્વરૂપનું

સાચું શ્રવણ–રુચિ–આદર ને અનુભવ કદી ન કર્યો; માટે હવે જાગીને તું આત્માની ઓળખાણ કર એમ સંતોનો ઉપદેશ છે. પોતાનું પરમાત્મસ્વરૂપ અનંત શાંતરસથી ભરેલું છે, તેમાં ગુણ–ગુણીભેદને પણ છોડીને અંતર્મુખ સમ્યગ્દર્શનનું આરાધન કરવું, તેની વાત કરી. હવે તે સમ્યગ્દર્શન–પૂર્વક જ્ઞાનની આરાધનાની વાત ચાલે છે. ગુણભેદનો વિકલ્પ સમ્યગ્દર્શનમાં કે સમ્યગ્જ્ઞાનમાં કામ કરતો નથી, સમ્યગ્દર્શનને જ્ઞાન બંન્ને વિકલ્પોથી તો જુદા છે. અંતરમાં રાગથી જુદો પડીને ચૈતન્યસ્વભાવની અનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે. ધર્મની શરૂઆતમાં જ આવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોય છે, અને અનંતાનુબંધીના અભાવથી પ્રગટેલો સમયક્ચારિત્રનો અંશ પણ હોય છે, તેને સ્વરૂપાચરણ કહેવાય છે. ચોથા ગુણસ્થાનથી જીવને આવી ધર્મની શરૂઆત થઈ ગઈ અને તે મોક્ષના માર્ગમાં ચાલવા માંડયો.

પહેલાં સમ્યગ્દર્શન ને પછી સમ્યગ્જ્ઞાન–એવો સમયભેદ નથી, બન્ને સાથે જ છે. જ્યાં આત્માની સમ્યક્શ્રદ્ધારૂપ દીવો થયો ત્યાં તેની સાથે જ સમ્યગ્જ્ઞાન–પ્રકાશ પ્રગટે છે. સમ્યગ્દર્શન હોય ત્યાં સાથે મુનિદશા હોય જ–એવો નિયમ નથી, મુનિદશા તો હોય કે ન પણ હોય, પરંતુ સમ્યગ્જ્ઞાન તો સાથે હોય જ–એવો નિયમ છે. દર્શન સમ્યક્ થાય ને જ્ઞાન મિથ્યા રહે એમ ન બને. જ્ઞાન ભલે ઓછું હોય પણ તે સમ્યક્ હોય છે. આમ સમ્યગ્દર્શન ને જ્ઞાન બંને સાથે હોવા છતાં તે બંનેમાં લક્ષણભેદ વગેરેથી અંતર પણ છે, એમ જાણીને જ્ઞાનનું પણ આરાધન કરો. સમ્યગ્જ્ઞાન છે તે સમ્યગ્દર્શનની સાથે જ શરૂ થાય છે. પણ સમ્યગ્દર્શનની સાથે જ તે પૂરું થઈ જતું નથી માટે તેનું જુદું આરાધન કરવું.

બંને સાથે હોવા છતાં તેમાં સમ્યગ્દર્શન કારણ છે, ને સમ્યગ્જ્ઞાન કાર્ય છે–એમ તેમાં કારણ–કાર્યનો વ્યવહાર કરવામાં આવે છે. નિજાનંદસ્વરૂપનો અનુભવ ને પ્રતીત થઈ ત્યાં જ્ઞાન પણ સમ્યક્ થયું. જુઓ, સમ્યગ્દર્શનનું કાર્ય સમ્યગ્જ્ઞાન કહ્યું; તેમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા બતાવવા તેને કારણ કહ્યું. આ કારણ–કાર્યમાં પહેલાં કારણ ને પછી કાર્ય–એમ નથી, બંને સાથે જ છે.

આત્મા પોતે શું ચીજ છે તેને તો જાણી નહિ, અને તેના વગર ભક્તિ–વ્રત–દાન –પૂજા વગેરે કર્યાં, તેનાથી પુણ્ય બાંધીને સ્વર્ગમાં ગયો ને પાછો ચાર ગતિમાં રખડયો. સમ્યગ્દર્શન વગર આત્માનો લાભ ન થયો ને ભવનો આરો ન આવ્યો. આ

તો જેનાથી ભવનો આરો આવે ને મોક્ષનું સુખ મળે એવા સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાનની વાત છે. આત્મદર્શન ને આત્મજ્ઞાન વગર ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય સુખ મળે નહીં; ભલે પુણ્ય કરીને સ્વર્ગે જાય તોપણ ત્યાંય લેશમાત્ર સુખ નથી. જીવે પુણ્ય–પાપ કર્યાં તે તો અનાદિની ચાલે છે, તે કાંઈ નવું નથી. આત્માના જ્ઞાનવડે મિથ્યાત્વનો અભાવ થાય તે અપૂર્વ મોક્ષમાર્ગની ચાલ છે. જુઓ, સમ્યગ્જ્ઞાનને સમ્યગ્દર્શનનું કાર્ય કહ્યું પણ તેને શુભરાગનું કાર્ય ન કહ્યું. રાગ કરતાં–કરતાં સમ્યગ્જ્ઞાન થઈ જશે–એમ નથી, કેમકે સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન તે કાંઈ રાગનું કાર્ય નથી.

**સમ્યગ્દર્શનનું લક્ષણ ‘શ્રદ્ધા;’ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ જાણવું.**
**સમ્યગ્દર્શન તે કારણ; સમ્યગ્જ્ઞાન તે કાર્ય.**

–એમ બે પ્રકારે લક્ષણથી જુદાપણું બતાવ્યું તેમાં કાંઈ બાધા નથી. જેમ દીવો અને પ્રકાશ બંને એકસાથે થાય છે છતાં ત્યાં દીપકના કારણે અજવાળું થયું– એમ કહેવાય છે, તેમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એકસાથે થતા હોવા છતાં તેમનામાં કારણ–કાર્યપણું કહી શકાય છે. જુઓ, બંને પર્યાયો એકસાથે હોવા છતાં તેમાં કારણ–કાર્યપણું કહ્યું. શ્રદ્ધાને મુખ્ય બતાવવા તેને કારણ કહ્યું ને જ્ઞાનને કાર્ય કહ્યું. આ કારણ–કાર્ય બન્ને શુદ્ધ છે. તેમાં વચ્ચે ક્યાંય રાગ ન આવ્યો. રાગ કે દેહાદિની ક્રિયામાં તો સમ્યગ્જ્ઞાનના કારણનો ઉપચાર પણ આવતો નથી.

❅ પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય–એમ પણ કહેવાય,
–જેમકે મોક્ષમાર્ગ તે કારણ ને મોક્ષ તે કાર્ય.

❅ અનેક વર્તમાનપર્યાયોમાં એક કારણ ને બીજું કાર્ય–એમ પણ કહેવાય,
–જેમકે સમ્યગ્જ્ઞાન તે કારણ ને સુખ કાર્ય.

❅ દ્રવ્ય કારણ ને પર્યાય કાર્ય–એમ પણ કહેવાય,
–જેમકે સમ્યગ્દર્શનનું કારણ શુદ્ધભૂતાર્થ આત્મા.

–એમ અનેક પ્રકારે વિવક્ષાથી કારણ–કાર્યના ભેદ પડે છે તેને જેમ છે તેમ જાણવા જોઈએ. કારણ–કાર્યને એકાંત અભેદ માનવા, કે એકાંત જુદા આગળ–પાછળ માનવા–તે સાચું નથી. અજ્ઞાની સાચા કારણ–કાર્યને જાણતો નથી ને બીજા વિપરીત કારણને માને છે, અથવા તો એકના કારણ–કાર્યને બીજામાં ભેળસેળ કરીને માને છે, તેને જ્ઞાનમાં કારણ કાર્યનો વિપર્યાસ છે એટલે કે મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાનમાં ત્રણ દોષ કહ્યા છે– કારણ–

વિપરીતતા, સ્વરૂપ–વિપરીતતા અને ભેદાભેદ–વિપરીતતા.

❅ આત્મા છે એમ માને પણ તેની પર્યાયનું કારણ પરદ્રવ્ય છે એમ માને, અથવા આત્મા બીજાના કાર્યનું કારણ છે– એમ માને, અથવા આત્માની મોક્ષ દશાનું કારણ રાગ છે એમ માને, તો તેને કારણવિપરીતતા છે, સાચું જ્ઞાન નથી.

❅ આત્મા છે એમ તો કહે પણ ઈશ્વરે તેને બનાવ્યો છે એમ માને, અથવા પૃથ્વી વગેરે પંચભૂતના સંયોગથી આત્મા બન્યો છે એમ માને, અથવા સર્વવ્યાપક બ્રહ્મ માને, જુદું સ્વતંત્ર અસ્તિત્વ ન માને, તો તેને સ્વરૂપ–વિપરીતતા છે, એટલે સાચું જ્ઞાન નથી.

❅ ગુણ અને ગુણીનો સર્વથા ભેદ માને, કે સર્વથા અભેદ માને તો તેને ભેદાભેદ–વિપરીતતા છે. અથવા બીજા બ્રહ્મ સાથે આ આત્માને અભેદ માનવો, કે જ્ઞાનને આત્માથી જુદું માનવું તે પણ વિપરીતતા છે, તેને વસ્તુનું સાચું જ્ઞાન નથી.

આ પ્રમાણે અજ્ઞાની જે કાંઈ જાણે છે તેમાં તેને કોઈને કોઈ પ્રકારે વિપરીતતા હોવાથી તેનું બધુંય જાણપણું મિથ્યાજ્ઞાન જ છે, મોક્ષને સાધવા માટે તે કાર્યકારી થતું નથી.

જ્ઞાનમાં મિથ્યાશ્રદ્ધાને કારણે જ મિથ્યાપણું છે કે જ્ઞાનમાં પોતામાં કાંઈ દોષ છે? એવા પ્રશ્નના ઉત્તરમાં પં. ટોડરમલજી કહે છે કે, અજ્ઞાનીને જ્ઞાનમાં પણ ભૂલ છે; કેમકે જ્ઞાનમાં જાણપણું હોવા છતાં તે જ્ઞાન પોતાના સ્વપ્રયોજનને સાધતું નથી, સ્વજ્ઞેયને જાણવા તરફ વળતું નથી– એ તેનો દોષ છે. અજ્ઞાની અપ્રયોજનભૂત પદાર્થોને જાણવામાં તો જ્ઞાનને પ્રવર્તાવે છે પણ જેનાથી પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે એવા આત્માનું જ્ઞાન તથા સ્વ–પરનું ભેદજ્ઞાન તો તે કરતો નથી, માટે તેને જ્ઞાનમાં પણ ભૂલ છે. મોક્ષના હેતુભૂત સ્તત્ત્વને જાણવારૂપ પ્રયોજનને સાધતું ન હોવાથી તે જ્ઞાન મિથ્યા છે. ભગવાનના માર્ગઅનુસાર જીવાદિતત્ત્વોનું સ્વરૂપ બરાબર ઓળખતાં અજ્ઞાન ટળે છે ને સાચું જ્ઞાન થાય છે; સાચું જ્ઞાન તે પરમ અમૃત છે, અમૃત એવા મોક્ષસુખનું તે કારણ છે. માટે હે ભવ્ય જીવો! તમે આવા સમ્યગ્જ્ઞાનનું સેવન કરો.

સમ્યગ્દર્શન સાથેનું જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ જેવો છે તેવો સ્વસંવેદનપૂર્વક અતીન્દ્રિયજ્ઞાનથી જાણે છે. સમ્યગ્દર્શન સાથેના સમ્યગ્જ્ઞાનમાં અંશે અતીન્દ્રિયપણું થયું છે. આવું સમ્યગ્જ્ઞાન તે મોક્ષમાર્ગનું બીજું રત્ન છે. ઉપયોગ શુદ્ધાત્મા–સન્મુખ વળતાં આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન બંને રત્નો એકસાથે

પ્રગટે છે; અને તે જ વખતે અનંતાનુબંધી કષાયોના અભાવથી સ્વરૂપાચરણ પણ થાય છે– આવો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાને શરૂ થાય છે. સિદ્ધપ્રભુના આનંદનો નમુનો ચાખતું સમ્યગ્દર્શન પ્રગટયું ત્યાં એકસાથે અનંતગુણમાં નિર્મળ કાર્ય થવા માંડયું છે.

શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન તે કાંઈ ત્રિકાળી ગુણ નથી, શ્રદ્ધાગુણ ત્રિકાળ છે. તેની સમ્યક્પર્યાય થઈ તે સમ્યગ્દર્શન છે, ને તેમાં મિથ્યાત્વ સંબંધી દોષનો અભાવ હોવાથી તે સમ્યગ્દર્શનને 'ગુણ' કહેવાય છે. મિથ્યાત્વ તે મલિનતા ને દોષ છે, તેની સામે સમ્યગ્દર્શન તે પવિત્ર ગુણ છે, તેમાં શુદ્ધતા છે, નિર્મળતા છે તેથી તેને ગુણ કહ્યો. તેમાં અભેદ આત્માની નિર્વિકલ્પ પ્રતીત છે, તે મોક્ષપુરીમાં પ્રવેશવાનો દરવાજો છે.

સમ્યગ્જ્ઞાન તે જ્ઞાનગુણની પર્યાય છે. ચોથા ગુણસ્થાને આત્માનું અનુભવજ્ઞાન થયું ત્યારથી સમ્યગ્જ્ઞાન શરૂ થયું, પણ તે એક સાથે પૂરું ન થાય; કેવળજ્ઞાન થાય ત્યારે પૂરું થાય. સમ્યગ્જ્ઞાન સ્વ–પરને, ભેદ–અભેદને, શુદ્ધ–અશુદ્ધને, બધાયને જેમ છે તેમ જાણીને પોતાના આત્માને પરભાવોથી ભિન્ન સાધે છે.

હું શુદ્ધ પરિપૂર્ણ અભેદ એક ભૂતાર્થ આનંદમય ચૈતન્યતત્ત્વ છું–એવા સ્વસંવેદનપૂર્વક સમ્યગ્દ્રષ્ટિજીવ આત્માની માન્યતા કરે છે. સમ્યગ્દર્શનમાં પોતાના આવા આત્માનો સ્વીકાર છે. સમ્યગ્દર્શનપર્યાયમાં સ્વસન્મુખતા છે, સમ્યગ્દર્શનમાં પરસન્મુખતા નથી. શું પર સામે જોયે સમ્યગ્દર્શન થાય છે? –ના; કોઈ પરની સામે જોયેથી (દેવ–ગુરુની સન્મુખતાથી પણ) સમ્યગ્દર્શન થતું નથી. પોતાના ભૂતાર્થ આત્માની સન્મુખતાથી જ સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન–પર્યાય શ્રદ્ધા ગુણની છે, ને શ્રદ્ધાગુણ આત્માનો છે, તો આત્માની સન્મુખ થયા વગર સમ્યગ્દર્શન પર્યાય ક્યાંથી થશે? શ્રદ્ધાગુણ ને તેની સમ્યગ્દર્શનપર્યાય તે તો આત્માનું નિજસ્વરૂપ છે; તે નિજસ્વરૂપની સન્મુખ થતાં તે પોતે શ્રદ્ધાગુણની નિર્મળપર્યાયરૂપે પરિણમે છે. આ જીવનો શ્રદ્ધાગુણ કાંઈ બીજા કોઈ દેવ–ગુરુ–શાસ્ત્ર પાસે નથી, – કે તેમાંથી સમ્યગ્દર્શનપર્યાય આવે! શ્રદ્ધાગુણ જ્યાં હોય ત્યાંથી તેની સમ્યગ્દર્શનપર્યાય આવે. શ્રદ્ધાગુણ આત્મવસ્તુનો છે તેની અખંડ પ્રતીત વડે સમ્યક્ત્વરૂપ શુદ્ધપર્યાય પ્રગટે છે. સમ્યક્ત્વની જેમ બધા ગુણોની શુદ્ધપર્યાયો પણ સ્વાશ્રયે પ્રગટે છે–એમ સમજી લેવું.

શું આત્માનો કોઈ ગુણ રાગમાં છે? – ના;
–તો રાગની સન્મુખતાથી કોઈ ગુણ પ્રગટે નહિ.
શું આત્માનો કોઈ ગુણ નિમિત્તમાં છે? – ના;
–તો નિમિત્તની સન્મુખતાથી કોઈ ગુણ પ્રગટે નહિ.
શું આ આત્માનો કોઈ ગુણ દેવ–ગુરુ–શાસ્ત્ર પાસે છે? –ના;
–તો તેમની સન્મુખતાથી કોઈ ગુણ પ્રગટે નહીં.

ભગવાન આત્માના સર્વે ગુણો પોતામાં જ છે, બીજે ક્યાંય નથી; માટે આત્માની પોતાની સામે જોયે જ સર્વે ગુણો પ્રગટે છે, પર સામે જોયે કોઈ ગુણ પ્રગટતો નથી. ત્રિકાળી ગુણસ્વભાવ પોતામાં છે તેની સન્મુખ થતાં જ સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, આનંદ પણ થયો, ને અનંતગુણની નિર્મળતાના વેદનસહિત મોક્ષમાર્ગ ખૂલી ગયો... પોતાનું આનંદમય સ્વઘર જીવે દેખી લીધું.

હે ભાઈ! આ તારા નિજઘરની વાત છે. તારા સ્વઘરની વાત તું હોંશથી સાંભળ. અનાદિથી રાગાદિ પરઘરને જ પોતાનું માન્યું હતું; અહીં સર્વજ્ઞ પરમાત્મા અને સંતો તને તારું સ્વઘર બતાવે છે, ને અંતરમાં મોક્ષના દરવાજા ખુલી જાય છે. સમ્યગ્દર્શન તો ધર્મનો મૂળ એકડો છે, તેને ભૂલીને જીવ જે કાંઈ કરે તેનાથી જન્મ–મરણના આરા નહિ આવે. માટે, જે અનંતકાળમાં પૂર્વે નથી કરેલ અને જે પ્રગટ કરતાં જ જન્મ–મરણનો અંત આવીને મોક્ષ તરફનું પરિણમન શરૂ થઈ જાય છે. –એવું સમ્યગ્દર્શન શીઘ્ર આરાધવા યોગ્ય છે. તે સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાનની વિશેષ આરાધનાનું વર્ણન ચાલે છે.

સમવસરણની વચ્ચે ગણધરો અને સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સર્વજ્ઞવીતરાગ ભગવાનની દિવ્યવાણી છૂટતી હતી, ગણધર ભગવંતો તે ઝીલતા હતા; તે ઝીલીને ગણધરોએ તેમ જ કુંદકુંદાચાર્ય વગેરે વીતરાગી સંતોએ જે સમયસારાદિ પરમાગમો રચ્યા, તેની જ પરંપરા જૈનમાર્ગમાં ચાલી રહી છે; તેને અનુસરીને જ પં. દૌલત–રામજીએ આ છઢાળાની રચના કરી છે. તેમાં કહે છે કે હે જીવ! તારા સમ્યગ્દર્શન–જ્ઞાન –આનંદ વગેરેની ખાણ જડમાં નથી, રાગમાં નથી, વિકલ્પમાં નથી, તારા આત્માનો શ્રદ્ધાગુણ જ તારા સમ્યગ્દર્શનની ખાણ છે, તારો જ્ઞાનગુણ જ તારા જ્ઞાનની ખાણ છે, તારો આનંદગુણ જ મહાઆનંદની ખાણ છે; અનંતગુણની ખાણ તારા આત્મામાં છે, આવા આત્માની સન્મુખ થતાં આત્માના શ્રદ્ધા વગેરે અનંતગુણોનું સમ્યક્–

પરિણમન થયું તે જ સમ્યગ્દર્શન–જ્ઞાન વગેરે છે. જ્યાં જે વસ્તુની ખાણ ભરી હોય તેમાંથી તે નીકળે; કુવામાં પાણી હોય તો બહાર આવે; તેમ સમ્યગ્દર્શનની ખાણ ક્યાં છે? સમ્યગ્દર્શનની ખાણ આત્મા છે. અનંત ગુણની ખાણ આત્મા છે. સમ્યગ્દર્શન વગેરેની પ્રાપ્તિ માટે પોતાના આત્મા સિવાય બીજે ક્યાંય જવું પડે તેમ નથી. સમ્યગ્દર્શનની ધ્રુવ ખાણ એવો આત્મસ્વભાવ તેનો સ્વીકાર કરતાં જ સમ્યગ્દર્શન થાય છે, બીજો કોઈ ઉપાય છે જ નહિ. સમ્યગ્જ્ઞાન વગેરેની પણ આ જ રીત છે શુદ્ધાત્માની સન્મુખતામાં વચ્ચે બીજા કોઈનું કે રાગાદિનું આલંબન છે જ નહીં. આખોય મોક્ષમાર્ગ એકલા આત્માના જ આશ્રયે છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેમાં કેવળજ્ઞાન ભર્યું છે; રાગની ભેળસેળ વગરનું એકલું શુદ્ધ જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે. આવા આત્માને જાણતાં આનંદરસથી ભરેલું સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. સમ્યગ્દર્શન સાથે આવું સમ્યગ્જ્ઞાન સદાય હોય છે. ભગવાન આત્માના શ્રદ્ધાગુણની સમ્યગ્દર્શનપર્યાય જ્ઞાન–આનંદ ને શાંતિના અપૂર્વ વેદન સહિત પ્રગટે છે. જીવાદિ સાત તત્ત્વો અને તેમાં પરથી ભિન્ન પોતાનો શુદ્ધાત્મા તેને સમ્યગ્દ્રષ્ટિ જાણે છે ને તેની શ્રદ્ધા કરે છે. સામાન્ય અને વિશેષ બન્નેની વિપરીતતા રહિત પ્રતીત સમ્યગ્દ્રષ્ટિને છે. એકલું સામાન્ય માને, વિશેષને ન માને, અથવા એકલું વિશેષ માને, સામાન્યને ન માને, તો તત્ત્વશ્રદ્ધા સાચી થતી નથી. વસ્તુ પોતે સામાન્ય–વિશેષ સ્વરૂપ છે, તેને વિપરીતતા વગર જેમ છે તેમ જાણીને શ્રદ્ધા કરવી જોઈએ. ધર્મીને શ્રદ્ધા–જ્ઞાનમાં વિપરીતતા નથી કે સંશયાદિ દોષ નથી. અમારા આત્માને અમે જાણ્યો કે નહીં, અમને સમ્યગ્દર્શન હશે કે નહીં, અમને અનુભવ થયો તે સાચો હશે કે નહીં! આવો સંશય ધર્માત્માને હોતો નથી. જ્યાં એવો સંશય હોય ત્યાં તો અજ્ઞાન છે. ધર્મી તો પોતાની દશાને નિઃશંક જાણે છે કે અપૂર્વ આનંદના વેદનસહિત અમને સમ્યગ્દર્શન થયું છે, આત્માની સ્વાનુભૂતિ થઈ છે, સર્વજ્ઞદેવે જેવો આત્મા જાણ્યો તેવો જ અમારો આત્મા અમે અનુભવસહિત જાણ્યો છે; તેમાં હવે કોઈ શંકા નથી. આવા શ્રદ્ધા–જ્ઞાનવડે મોક્ષમાર્ગની આરાધના થાય છે. આત્માના શ્રદ્ધા–જ્ઞાન વગર કોઈ જીવ ભલે દ્રવ્યલિંગી સાધુ થાય પણ અંદર તેને સંશયાદિ દોષ રહ્યા જ કરે છે. જ્યાં સમ્યગ્જ્ઞાન ત્યાં આત્માનો સંશય નહીં, અને જ્યાં આત્માનો સંશય ત્યાં સમ્યગ્જ્ઞાન નહીં. 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ.' જ્ઞાની જીવો આત્મસ્વરૂપમાં નિઃશંકિત હોય છે અને તેથી મરણાદિના ભયરહિત નિર્ભય હોય છે.




# પરમાગમમંદિરમાં જિનબિંબ પ્રતિષ્ઠાનું મંગલ મુહૂર્ત

## વીર નિર્વાણ સંવત ૨૫૦૦, ફાગણ સુદ ૧૩

આપણે સૌ ખૂબ આતૂરતાથી જેની રાહ જોઈ રહ્યા હતા તે સોનગઢના પરમાગમ-મંદિરમાં વીરનાથ ભગવાનની તથા વીતરાગી શ્રુતની મહા મંગલ પ્રતિષ્ઠાનું ઉત્તમ મંગલ મુહૂર્ત વીરનિર્વાણ સંવત ૨૫૦૦ ના ફાગણ સુદ તેરસનું આવેલ છે. એકકોર વીરપ્રભુના મોક્ષગમનનું બરાબર અઢીહજારમું વર્ષ ચાલતું હશે ને સોનગઢમાં વીરનાથપ્રભુના પંચકલ્યાણક થતા હશે. અત્યંત મનોજ્ઞ અને સૌરાષ્ટ્રના જિનબિંબોમાં સૌથી મોટા એવા વીરનાથ પ્રભુ વેલાવેલા સોનગઢ પધારશે, સાથે ભારતના ધર્મધૂરંધર સંત કુંદકુંદપ્રભુ, અમૃતચંદ્રસ્વામી, પદ્મપ્રભસ્વામી અને ઘણાય સંતો પધારશે, પરમાગમમંદિર તો જાણે આપણને જિનવાણી સંભળાવતું હોય એમ સર્વત્ર જિનવાણીથી ભરેલું છે! પરમાગમમંદિરમાં તો બસ, જ્યાં જુઓ ત્યાં ચારેકોર વીતરાગ સંતો ને વીતરાગી જિનવાણી જ નજરે પડશે. આવા અજોડ પરમાગમમંદિરનો મહોત્સવ નજીક આવી રહ્યો છે... ગુરુદેવને પણ ખૂબ ઉમંગ છે... મુમુક્ષુજનો પણ હૈયામાં એનું રટણ કરી રહ્યા છેઃ પધારો મહાવીરપ્રભુ! પધારો કુંદકુંદપ્રભુ! પધારો જિનવાણી માતા! મંગલ વધાઈ! મંગલ સ્વાગત!



ગુલાબની સાથે કાંટા હોય–તેથી કાંઈ ગુલાબ પોતાના ગુલાબી સ્વભાવને છોડતું નથી, તેમ લાખ સંકટના કંટકની વચ્ચે પણ મુમુક્ષુ પોતાની મોક્ષસાધનાને છોડતો નથી.

## આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ માટે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | હરગોવિંદ ઉજમશી ગોપાણી | બોટાદ | ૧૫ | પ્રદીપકુમાર છબીલદાસ વારીઆ | રાજકોટ |
| ૫૧ | ભરતકુમાર હિંમતલાલ ઝોબાલીઆ | સોનગઢ | ૨૫ | હેમકુંવરબેન નરભેરામ કામાણી | જમશેદપુર |
| ૨૫ | મરઘાબેન મણિલાલ શાહ | સોનગઢ | ૫૧ | મંછાબેન જયંતીલાલ ભાયાણી | લાઠી |
| ૨૧ | કાંતાબેન હિંમતલાલ | વીરમગામ | ૨૫ | સ્વ. જયોત્સ્નાબેન શરદચંદ | મુંબઈ |
| ૨૫ | કોકિલાબેન ધીરજલાલ | વડોદરા | ૨૧ | વિલાસબેન ચંદ્રકાન્ત ડગલી | વીંછીયા |
| ૨૫ | તારામતીબેન કપૂરચંદ | નંદરબાર | ૨૫ | નટવરલાલ કેશવલાલ | – |
| ૩૧ | મંગળદાસ કેશવલાલ સંઘવી | અમદાવાદ | ૧૦૧ | રંગુલાલજી દિલ્હીવાળા | દિલ્હી |
| ૨૧ | ઝનકારીબેન ખેમરાજજી | ખૈરાગઢ | ૧૧ | ત્રિકમલાલ કાળીદાસ અજમેરા | દામનગર |
| ૨૫ | ગુલાબચંદ ભગવાનજી હેમાણી | – | ૫૧ | છોટાલાલ ડામરભાઈશાહ | સોનગઢ |
| ૨૫ | ખેમરાજ દુલીચંદ જૈન | ખૈરાગઢ | ૨૫૧ | ભોગીલાલ પ્રેમચંદ | વડોદરા |
| ૧૫ | સવિતાબેન નૌતમલાલ | રાજકોટ | ૨૫ | અમરચંદ ન્યાલચંદ | વાંકાનેર |
| ૨૨ | રાજેશ, નલિન, આલોક તથા પ્રદીપ | મુંબઈ | ૨૧ | મંગળાબેન લાભશંકર મહેતા | – |

( તા. ૨–૧૦–૭૩ સુધી )

[ આ ઉપરાંત પચીસ ગ્રાહકોને આત્મધર્મ ભેટ મોકલવા માટે રૂા. ૧૦૦ ) પાલનપુરવાળા ભાઈશ્રી ચીમનલાલ વેલચંદ તરફથી આવ્યા છે. ]




* રાજકોટના ભાઈશ્રી માસ્તર હીરાચંદ ભાઈચંદ પારેખ ( તેઓ બ્ર. ઇચ્છાબેન વગેરેના પિતાજી ) શ્રાવણ વદ અમાસના રોજ પક્ષઘાતની બિમારીથી રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક હતા ને ઘણા વર્ષોથી અવારનવાર સોનગઢ રહીને સત્સંગનો લાભ લેતા હતા.

* જોરાવરનગરના ભાઈશ્રી કસ્તુરચંદ પ્રાણજીવનદાસ દોઢીવાલા ભાદરવા વદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી ગુરુદેવના પરિચયમાં આવ્યા હતા.

* શ્રીમતી નન્નીદેવી ( તેઓ દિલ્હીવાળા પ્રેમચંદજી જૈનના માતુશ્રી ) ઉ. વર્ષ ૮૦, તા. ૧–૯–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે એક વર્ષ સોનગઢ રહીને લાભ લીધો હતો.

**-સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવગુરુધર્મના શરણે આત્મહિત પામો.**

## સમ્પાદકીય

# વીરનિર્વાણનો અઢી હજારમો મહોત્સવ આનંદથી ઊજવીએ

આ પંદર દિવસ પછી દિવાળીએ ભગવાન મહાવીર મોક્ષપધાર્યાનું ૨૫૦૦ મું વર્ષ બેસશે; અને પછીના વર્ષે ઈ. સ. ૧૯૭૪ ની દીવાળીએ અઢી હજાર વર્ષ પૂરા થશે. ત્યારથી શરૂ કરીને તે આખું વર્ષ વીરનાથના મોક્ષગમનની પાવન સ્મૃતિરૂપે સમસ્ત ભારતના જૈનો એકમેકના સહકારપૂર્વક આનંદથી ઊજવીશું– તે યોગ્ય જ છે. વીરનાથના શાસનમાં આપણે આવ્યા, ને વીરપ્રભુની અઢી હજારમી મોક્ષજયંતી આપણા જ જીવનકાળમાં ઊજવવાનું સૌભાગ્ય મળ્યું, તો આવા સુયોગ વખતે સમસ્ત જૈનસમાજ જાગૃત બને ને વીરપ્રભુના વીતરાગમાર્ગને ઓળખીને તેનો પ્રચાર કરે તે પ્રશંસનીય છે. જયપુરમાં, ફત્તેપુરમાં તેમ જ સોનગઢમાં પણ આ સંબંધી આશીર્વાદ રૂપે પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ કહ્યું હતું કે–

**“બધા જૈનોએ ભેગા થઈને આનંદથી ભગવાનના નિર્વાણનો ઉત્સવ કરવો તે સારું છે; તે જૈનધર્મની પ્રસિદ્ધિનું અને પ્રભાવનાનું કારણ છે. તેમાં મતભેદ ભૂલીને સૌએ સાથ આપવો જોઈએ. જૈનના બધા સંપ્રદાયોએ મળીને ભગવાન મહાવીરના માર્ગની પ્રસિદ્ધિ થાય તે કરવા જેવું છે; તેમાં કોઈએ વિરોધ કરવો ન જોઈએ. અરસ-પરસ કોઈ જાતના ક્લેશ વગર સૌ સાથે મળીને મહાવીર ભગવાનનો ઉત્સવ થાય તે સારી વાત છે. મહાવીર ભગવાનના વીતરાગમાર્ગમાં પરસ્પર ક્લેશ થાય-એવું કોઈએ કરવું જોઈએ નહીં. જૈનોની સંખ્યા બીજા કરતાં ભલે થોડી હોય પણ જૈનસમાજની શોભા વધે, દુનિયામાં તેનો મહિમા પ્રસિદ્ધ થાય ને ભગવાનના ઉપદેશની પ્રભાવના વધે-તેમ કરવું જોઈએ.”**

ધાર્મિક સિદ્ધાંતમાં કેટલોક ભેદ હોવા છતાં, સમસ્ત જૈનો પરસ્પર સંપ–સહકારપૂર્વક મૈત્રીભાવે આનંદથી રહી શકે છે. સમાજમાં ક્યાંય વેરઝેર ન હોય ને જેટલો બની શકે તેટલો સહકાર આપીને વીરનાથના મોક્ષમહોત્સવને સૌ સાથે મળીને શોભાવીએ.. ને વીરપ્રભુએ દેખાડેલા મુક્તિમાર્ગને સાધીને આત્મહિત કરીએ, તે પ્રશંસનીય છે. આપણા મહાવીર પ્રભુના મોક્ષનો મહાન ઉત્સવ આપણે સૌ જૈનો જરૂર ઉજવીએ. આપણા પ્રભુનો મહોત્સવ આપણે નહિ ઉજવીએ તો કોણ ઉજવશે ?

જેમને જૈનતત્ત્વનું જ્ઞાન નથી કે વીરનાથની ઓળખાણ નથી–એવા જૈનેતરો દ્વારા આ ઉત્સવનું નેતૃત્વ થાય તે ભલે આપણને ન ગમે, પરદેશમાં પ્રચારની મોટી મોટી વાતોમાં પણ આપણને રસ ન હોય, –એ પણ ઠીક છે. પરદેશમાં પ્રચારની કે જૈનેતરોમાં ધર્મપ્રચારની મોટી યોજનાઓ કરવા કરતાં, આપણા ભારતમાં, ગામેગામમાં આપણા જૈનસમાજના ઘરઘરમાં, વૃદ્ધ–યુવાન કે બાળક સૌને ધર્મના ઉત્તમ સંસ્કારો મળી રહે, આખા ભારતના જૈનસમાજમાં પરસ્પર પ્રેમ–વાત્સલ્યનું વાતાવરણ ફેલાય, અત્યાર સુધીમાં અણઉકેલ્યા રહેલા તીર્થ વગેરે સંબંધી મતભેદો પરસ્પર અત્યંત ડહાપણપૂર્વક કાયમ માટે ઉકેલી નાંખીએ, ને વીરપ્રભુની છાયામાં શાંતિ અને તત્ત્વજ્ઞાનસહિત સૌ વીરનાથના મંગલ મુક્તિમાર્ગે આગેકૂચ કરીએ, –એ જરૂર કરવા જેવું છે, ને તેમાં સમસ્ત જૈનસમાજ નિઃશંકપણે એકમત છે.

આપણા સમાજનું કોઈપણ બાળક તત્ત્વજ્ઞાન વગરનું ન હોય, જૈન દેવ–ગુરુ–ધર્મ સિવાય બીજા તરફ તેનું આકર્ષણ ન થાય, –ને તેનું આચરણ પણ જૈનને શોભે તેવું ઉત્તમ હોય, – એવા ઉત્તમ સંસ્કારની રેલમછેલ દ્વારા વીરપ્રભુના નિર્વાણ મહોત્સવને જરૂર ઊજવીએ. સમસ્ત જૈનપત્રકારો દ્રઢ નિશ્ચય કરીએ કે સમાજમાં ક્યાંય વેર–વિરોધ ફેલાય, કે કોઈની વ્યકિતગત લાગણી દુભાય–એવા કોઈ લખાણો પ્રસિદ્ધ નહિ કરીએ. સંપ–સહકાર વધારીને સૌ આનંદથી એકબીજાની નજીક આવીએ અને ભારતભરમાં વીરશાસનના જયકાર ગજાવીએ. **जैनं जयतु शासनम्। जय महावीर।**

–બ્ર. હરિલાલ જૈન.

## ચાર વાર્તા

卐 અરે જીવ! પરમાત્મા તારી પાસે છે,... પછી તું દુઃખી કેમ થાય છે? પરમાત્માની હાજરીમાં દુઃખ હોય નહીં.

卐 અંતરમાં દેખ... તારા પરમાત્મા જરાય દૂર નથી, એ પરમાત્મા તને પરમસુખ આપી રહ્યા છે.

卐 જેમ પારસમણિના સ્પર્શે લોઢું સોનું બની જાય છે, તેમ ચૈતન્ય પરમાત્માના સ્પર્શે પામરતામાંથી પ્રભુતા થઈ જાય છે.

卐 તારે સાચી શાંતિ વેદવી હોય તો રાગ અને વીતરાગતાને જુદા રાખજે. શુભરાગને પણ વીતરાગતામાં ભેળવીશ મા. શાંતિ વીતરાગતામાંથી આવશે... રાગમાંથી નહિ આવે.




## [ તથા વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા ]

❅ સોનગઢમાં પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. સવારના પ્રવચનમાં ભાદરવા વદ ત્રીજથી નિયમસારને બદલે અષ્ટપ્રાભૃત શરૂ થયું છે. બપોરે સમયસારમાં સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકાર વંચાય છે.

❅ રાજકોટઃ દિગંબર જૈનસંઘે ઉત્સાહપૂર્વક પર્યુષણપર્વ ઉજવ્યા હતા. અહીં પાઠશાળા બહુ સુંદર ઉત્સાહથી ચાલે છે, સવાસો જેટલા બાળકો ઉત્સાહથી ધર્મઅભ્યાસ કરે છે. પર્યુષણમાં ધાર્મિક–નાટિકાઓ વગેરે દ્વારા બાળકોએ પણ પોતાનો ધાર્મિક–ઉત્સાહ વ્યક્ત કર્યો હતો, ને બાળકોમાં આવા સુંદર સંસ્કાર દેખીને સૌ પ્રભાવિત થયા હતા તથા બાળકોને ઉત્તેજન આપ્યું હતું. પર્યુષણ બાદ સંઘના ચારસો જેટલા ભાઈ–બહેનો સોનગઢ ગુરુદેવના દર્શને આવ્યા હતા, ને રાજકોટ પધારવા વિનંતિ કરી હતી. સોનગઢમાં વર્દ્ધમાન–કુંદકુંદ–પરમાગમ–મંદિરના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનું મૂરત આવ્યા પછી વિહારસંબંધી કાર્યક્રમ નક્કી થઈ શકે. પ્રતિષ્ઠાનું મૂરત ફાગણ માસમાં આવે તે રીતે જોવડાવેલ છે. વૈશાખ સુદ બીજ મુંબઈમાં કરવા માટે મુંબઈથી પણ વિનંતિ આવેલ છે.

❅ દિલ્હીનું મુમુક્ષુમંડળ પણ સોનગઢ આવેલ ને વૈશાખ સુદ બીજ માટે દિલ્હી પધારવા ગુરુદેવને વિનંતિ કરી હતી. પરંતુ આવતી વૈશાખ સુદ બીજ મુંબઈમાં થવાની ધારણા છે.

❅ ફત્તેપુર, ચોરીવાડ તથા તલોદ ( ગુજરાત ) માં પર્યુષણપર્વ ઉત્સાહથી ઉજવાયા હતા. નાનકડા ગામમાં પણ જિનમંદિર ભવ્ય છે. પાઠશાળા પણ બહુ સારી ચાલે છે. બાળકો ઉત્સાહથી ધર્મસંસ્કાર લ્યે છે. પર્યુષણ દરમિયાન બાળકોએ આત્મિકભાવનાવાળી સુંદર નાટિકાઓ રજુ કરી હતી. ભક્તિ–પૂજનના કાર્યક્રમો પણ સુંદર હતા. ફત્તેપુરમાં વહેલી સવારથી આખો દિવસ દેવ–ગુરુની આરાધના તથા શાસ્ત્રસ્વાધ્યાયના ભરચક કાર્યક્રમો રહેતા હતા. સામાયિક–ઉપવાસાદિ પણ

થયા હતા. અભિષેક વગેરે ક્રિયાઓ દિવસ ઉગ્યા પછી જ થતી હતી, તે પ્રશંસનીય છે ને દરેક ગામમાં તેમ થવું જરૂરી છે. ફત્તેપુરમાં સમવસરણ–મંદિર દર્શનીય છે. તલોદમાં પાઠશાળા સુંદર ચાલે છે. ત્રણસો જેટલા વિદ્યાર્થીઓ લાભ લ્યે છે.

❋ પર્યુષણ દરમિયાન ભારતમાં વિવિધ પ્રાંતના ૭૦–૮૦ જેટલા ગામ–શહેરોના નિમંત્રણથી સોનગઢની પ્રચારસમિતિ દ્વારા વિદ્વાનભાઈઓને મોકલવામાં આવ્યા હતા, ને દરેક ઠેકાણે ખૂબ ઉલ્લાસપૂર્વક પર્યુષણ ઉજવાયા હતા તથા તાત્ત્વિક પ્રવચનોનો લાભ હજારો જિજ્ઞાસુઓએ લીધો હતો. તે સંબંધી ઉત્સાહભર્યા સમાચારો ખાસ કરીને આગ્રા, બડોત ( મેરઠ ), ઈંદોર, ગૌહત્તી, દિલ્હી, તલોદ, મુંબઈ, દાદર, મલાડ, ઘાટકોપર, અમદાવાદ, રતલામ, સિદ્ધવરકૂટ, કરહલ ( મૈનપુરી ), સાગર, ગુના, ખંડવા, લોહારદા, ફતેપુર, હિંમતનગર, જાંબુડી, રણાસણ, સોલાપુર, મલકાપુર, ખુરઈ, આરોંન, રતલામ, દમોહ, દેપાલપુર, કોટા, ગુના, પિપરઈ, ઉદયપુર, રાધૌગઢ, કારંજા, ગ્વાલિયર, મહાવીરજી, કલકત્તા વગેરે સ્થળેથી આવ્યા છે. આ ઉપરાંત બાહ, એતમાદપુર, ટૂંડલા, શિકોહાબાદ, જસવંતનગર, સિરસાગંજ, કરહલ, કુરાવલી, ઈટાવા, કરેલી, મહિદપુર, બેંગલોર, શમશાબાદ, મૌ ( ભિંડ ) નીમચ, શાહગઢ વગેરેથી પણ પર્યુષણપર્વ દરમિયાન થયેલી ધર્મપ્રભાવનાના ઉત્સાહપૂર્ણ સમાચારો આવ્યા છે.

❋ ઘણે ઠેકાણે આસપાસના ગામોના જૈનસમાજે પણ લાભ લીધો હતો. બડોત નાનું શહેર હોવા છતાં ત્યાં વીસહજાર ઉપરાંત દિ. જૈનોની વસ્તી છે. ગુના શહેરમાં સિદ્ધચક્રવિધાન મહાપૂજન થયું હતું, તથા મંદિરમાં નવીન સ્વાધ્યાયભવન બની રહ્યું છે; ને સંપૂર્ણ સમાજના સહકારથી સારી પ્રભાવના થાય છે. મહાવીરજીમાં સોલહકારણપૂજન–વિધાનનિમિત્તે ભવ્ય આયોજન થયું હતું.

❋ બેંગલોરના સમાચારમાં લખે છે કે પર્યુષણ પર્વ આનંદથી ઉજવાયા હતા. ગુજરાતી–મારવાડી અને કન્નડભાઈઓએ સંયુક્તપણે ઉત્સાહથી લાભ લીધો હતો. ગુરુદેવના પ્રતાપે ધર્મ પ્રભાવના દિન–દિન વધતી જાય છે. અહીં જિનમંદિર, સમવસરણમંદિર તથા સ્વાધ્યાયમંદિરનું કામકાજ ચાલી રહ્યું છે. ગુજરાતી ઉપરાંત કન્નડ ૧૫ ભાઈઓ પણ વીતરાગવિજ્ઞાનની પરીક્ષામાં બેઠા હતા. અહીં આત્મધર્મમાં ઘણી જ તત્ત્વની વાત વાંચીને ઘણો જ ઉલ્લાસ આવે છે. દરમહિને

ગુરુદેવની તત્ત્વપ્રસાદી મળવાનું સાધન બહારગામવાળાને માત્ર એક આત્મધર્મ જ છે. –મનહરલાલ પોપટલાલ શેઠ.

❋ નીમચમાં અનેક મુમુક્ષુઓએ ૧૧ ઉપવાસ કર્યાં હતા. સોનગઢમાં એક મુમુક્ષુ બહેને ૧૧ ઉપવાસ કર્યાં હતા, તથા એક મુમુક્ષુ બહેને એકાંતર ઉપવાસ દ્વારા સોલહકારણવિધાન કર્યું હતું. જેતપુરમાં પણ એક મુમુક્ષુ બહેને ૧૧ ઉપવાસ કર્યાં હતા. આ ઉપરાંત ઠેરઠેર રત્નત્રયવિધાન, સુંગધદશમી વગેરે નિમિત્તે ૩–૫ વગેરે ઉપવાસો પણ થયા હતા.

❋ ઠેરઠેરથી મળેલા પર્યુષણપર્વના સમાચારો વાંચતાં જણાય છે કે– આજે ભારતભરમાં યુવાનો પણ જાગ્યા છે ને ઉત્સાહપૂર્વક ધાર્મિકપ્રવૃત્તિમાં તેમજ તત્ત્વજ્ઞાનમાં રસ લઈ રહ્યા છે. આ આનંદની વાત છે, અને જૈનસમાજની ઉન્નતિ માટે આ ઉત્તમ નિશાની છે. વડીલો યુવાનોને આગળ વધવા માટે ઉત્સાહિત કરે તે જરૂરી છે.

❋ આત્મધર્મના ચાલુ વર્ષના ગ્રાહકોને વીતરાગવિજ્ઞાન (છહઢાળા પ્રવચન) ભાગ ૩ ભેટ અપાયેલ છે; તથા અલિંગગ્રહણ–પ્રવચનોનું પુસ્તક પણ ભેટ અપાયેલ છે. છહઢાળા–પ્રવચન બાબતમાં ધ્રાંગધ્રાથી એડવોકેટ શ્રી કેશવલાલભાઈ લખે છે કે– "પ્રત્યક્ષ સત્પુરુષના ભાવવાહી પ્રવચનોનું જે મહાત્મ્ય તેમાં તરી આવે છે તે ખરેખર અદ્ભુત, અચિંત્ય, અલૌકિક અને અનુપમ છે. ધર્મનું ખરું કારણ સમ્યગ્દર્શન તેનું વાસ્તવિકસ્વરૂપ સાદી પરંતુ અસરકારક ભાષામાં યથાક્રમે સંકલિત કરેલ છે. જૈનના મોટા સમૂહમાં મૂળભૂત વસ્તુનો જે પ્રાયે લોપ થઈ રહ્યો હતો તેને પુનઃ પ્રકાશમાં મૂકનાર ગુરુદેવ જયવંત વર્તો–એવી અંતરની ઉર્મિઓ સાથે વંદન."

આ બંને ભેટપુસ્તકો આપે મેળવી લીધા હશે. ન મેળવ્યા હોય તો હજી પણ દીવાળી સુધીની છેલ્લી તક આપીએ છીએ. –ત્યાં સુધી વીતરાગવિજ્ઞાનના પુસ્તકના પોસ્ટેજના ૩૫ પૈસા, અને અલિંગગ્રહણ–પ્રવચનના પોસ્ટેજના ૨૫ પૈસા મોકલીને મંગાવી લેશો. સરનામું– આત્મધર્મ કાર્યાલય, સોનગઢ, સૌરાષ્ટ્ર (364250)

❋ આત્મધર્મનું લવાજમ આપે ભરી દીધું? ... હા; તો આપના સગાં–સંબંધીનું લવાજન પણ વેલાસર ભરી દેશો. કેમકે આત્મધર્મનાં અંકો મર્યાદિત છપાય છે,

ને પાછળથી અંકો મેળવવાનું મુશ્કેલ પડે છે. કાગળ વગેરેની પણ હાલમાં મુશ્કેલી છે. તો લવાજમ વેલારસ ભરી સહકાર આપશો. હજારો ગ્રાહકોએ પોતાનું લવાજમ ભરી દીધું છે. વાર્ષિક લવાજમ ચાર રૂપિયા છે. આવતું વર્ષ ભગવાન મહાવીરના નિર્વાણગમનનું અઢી હજારમું (૨૫૦૦મું) મંગલવર્ષ છે. સોનગઢમાં પરમાગમનો પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઉજવવાનો છે. લવાજમ મોકલવાનું સરનામું–આત્મધર્મ કાર્યાલય, સોનગઢ, સૌરાષ્ટ્ર (364250)

❋ **ગુરુદેવ અવારનવાર પ્રવચનમાં કહે છે કે મુમુક્ષુનું જીવન નીતિમય હોય; રાત્રિભોજન તો જૈન નામ ધરાવનારને પણ હોવું ન જોઈએ. રાત્રિભોજનમાં ત્રસહિંસાનું વિશેષ પાપ છે, તેથી તે છોડી દેવું જોઈએ. આજના સીનેમામાં પણ એકલા પાપસંસ્કારનું પોષણ છે, મુમુક્ષુને તે શોભે નહિ. તેમજ જિનમંદિરમાં રાતના ભાગમાં પૂજન–સામગ્રી અભિષેકની ક્રિયા કરવી જોઈએ નહિ. –દરેક મુમુક્ષુએ આ વાત બરાબર લક્ષમાં લઈને તેનો પ્રચાર કરવા જેવું છે. અરે, આવી મુમુક્ષુતા પામીને આત્માને સાધવાનો યોગ, તેમાં તીવ્ર પાપની ને તીવ્ર આરંભની પ્રવૃત્તિ મુમુક્ષુને કેમ શોભે? પ્રભુનું અઢી હજારમું નિર્વાણવર્ષ આવી રહ્યું છે... મુમુક્ષુજૈનો જાગો... ને ઉત્તમ આચરણવડે વીરમાર્ગને શોભાવો.**

❋ બાળકો, બહેનો, વડીલો, આવતા વર્ષ (અઢી હજારમી વીર નિર્વાણસંવત) માં નીચેની પાંચ વાતો જરૂર કરો–

(૧) દરરોજ ભગવાનના દર્શન કરો.

(૨) દરરોજ કાંઈક ધાર્મિક પુસ્તક વાંચો.

(૩) સીનેમા જોવાનું સદંતર બંધ કરો.
(તેની બચત થાય તે ધાર્મિક કાર્યમાં વાપરો.)

(૪) રાત્રિભોજનનો ત્યાગ કરો. (ભલે મુંબઈમાં રહેતા હો.)

(૫) સાધર્મી ભાઈ–બહેનોને વાત્સલ્યથી અરસપરસ કંઈને કંઈ મદદ કરો.
આમાંથી તમે કેટલું કરશો તે અમને જણાવો.

❋ **લંકામાં જૈનધર્મ:-** લગભગ બે હજાર વર્ષ પહેલાં રાજા અશોકના સમય પહેલાં પણ લંકામાં જૈનધર્મ ફેલાયેલો હતો. તે સંબંધી ઉલ્લેખ બૌદ્ધસાહિત્યમાં પણ છે. આ બાબત **'चोराहा'** નામના હિંદી સાપ્તાહિકપત્રમાં લખે છે કે– "**यहाँ** બૌદ્ધસાહિત્યકે ગૌરવકો બઢાનેવાલી એક બાત કો ભી બતાના અનુચિત ન હોગા, જિસને જૈનધર્મકે એક ઐસે ગૌરવમય સાક્ષ્યકી ઔર સંકેત કિયા હૈ જિસકા પત્તા સ્વયં જૈનસમાજકો ભી નહીં હૈ; અશોક કે પુત્ર ઔર પુત્રી, મહેન્દ્ર ઔર સંઘમિત્ર જબ લંકામેં ધર્મપ્રચારાર્થ ગયે તો વહાં ઉન્હોંને અપનેસે પૂર્વ સ્થાપિત નિર્ગ્રંથ (જૈન) સંઘકો દેખા." (દિલ્હીથી પ્રાપ્ત)

❋ **આફ્રિકાના સમાચાર:** નાઈરોબીથી મુમુક્ષુ ભાઈઓ લખે છે કે ગુરુદેવના પ્રતાપે અહીં નાઈરોબી મુમુક્ષુમંડળના ભાઈ–બહેનો ભાવપૂર્વક દશલક્ષણપર્વ આનંદથી ઉજવી રહ્યા છીએ. દરરોજ ત્રણસો–ચારસો જેટલા રુચિવાન જીવો હોંશથી લાભ લ્યે છે. ઘણા જીવો ધર્મના સ્વરૂપનો વિચાર કરતા થયા છે. સાત હજારની અહીંની નાતમાં ઘણાં વિચારક જીવો છે. ધર્મનું સાચું સ્વરૂપ શું છે તેનો દરેક જીવે સ્વતંત્રપણે વિચાર કરવો જોઈએ. જન્મ–મરણથી રહિત થવું છે તો નિર્ગ્રંથ પુરુષોના વીતરાગમાર્ગે જવું પડશે, બીજી રીતે મોક્ષમાર્ગ નહીં આવે. ત્યાં (સોનગઢમાં) તો ધર્મકાળ વર્તે છે; ગુરુદેવના પ્રતાપે આફ્રિકા ઇંગ્લાડ ને અમેરિકા જેવા દેશોમાં પણ આ વાતને સાંભળનારા જિજ્ઞાસુઓ છે, કેમકે દરેક જીવને સુખ જોઈએ છે ને સુખનો ઉપાય શોધે છે. પર્યુષણમાં ખૂબ જ ઉત્સાહ હતો; કુટુંબ પરિવાર સહિત સૌ પહોંચી જતા હતા, નાના બાળકોમાં પણ સારો ઉત્સાહ જાગ્યો છે. સવારમાં જિનદેવની સમૂહપૂજા, પછી વાંચન, બપોરે વાંચન, તથા સાંજે પ્રતિક્રમણ–આરતિ–વાંચન–ભક્તિ થતાં હતા. –આમ આખો દિવસ હોંશપૂર્વક કાર્યક્રમમાં સૌ ભાગ લેતા હતા. –ખરેખર જીવનમાં આ જ કરવા જેવું છે; આ સિવાય બધુંય આ જીવ માટે નકામું છે. ભવભ્રમણનો અંત અને મોક્ષસુખની પ્રાપ્તિ માટે આ જ કાયે છૂટકો છે, અને તેમાં જ આનંદ છે. નાઈરોબીની જેમ મોમ્બાસામાં પણ પર્યુષણપર્વ આનંદથી ઉજવાયા હતા.

[આફ્રિકામાં વસતા આપણા સાધર્મીઓનો ધાર્મિક ઉત્સાહ દેખીને આનંદ થાય છે. દરવર્ષે હજારો પુસ્તકો ત્યાં જાય છે. ત્યાં વસતા બીજા જૈનભાઈઓ પણ ઉત્સાહથી જ્ઞાનનો લાભ લ્યે એવી ભાવના સાથે ધન્યવાદ! –સં.]

❁ પર્યુષણ બાદ ક્ષમાપના નિમિત્તે અનેક જિજ્ઞાસુઓના તથા બાલ સભ્યોના લાગણીભીના પત્રો આવ્યા છે; આત્મધર્મ પ્રત્યેની ઉચ્ચ લાગણીઓ માટે તેમનો સૌનો આભાર માનીએ છીએ.

❁ એક જિજ્ઞાસુ ( સભ્ય નં. ૨૦૨૪ ) ના પ્રશ્નોના ઉત્તરમાં જણાવવાનું કે–

'સિદ્ધક્ષેત્ર' એટલે જ્યાંથી કોઈ જીવો સિદ્ધપદ પામ્યા હોય–મોક્ષ પામ્યા હોય તે સ્થાન; જેમકે સોનગઢ પાસે શત્રુંજયપર્વત છે ત્યાંથી પાંડવો મોક્ષ પામ્યા છે; ગીરનાર પરથી નેમપ્રભુ મોક્ષ પામ્યા છે, તેથી તે સિદ્ધક્ષેત્ર છે. ભારતનું સૌથી મોટું સિદ્ધક્ષેત્ર બિહારમાં સમ્મેદશિખર છે, ત્યાંથી આ ચોવીસીના ૨૦ તીર્થંકરો મોક્ષ પામ્યા છે. સામાન્યપણે મધ્યલોકના અઢી દ્વીપ ( તથા બે સમુદ્ર ) જેની લંબાઈ ( વ્યાસ ) ૪૫ લાખ યોજન થાય છે, તે સિદ્ધપદ પામવાનું ક્ષેત્ર છે, ત્યાંથી બહારના ભાગમાં સિદ્ધપદ પમાતું નથી; ઉપર ૪૫ લાખ જોજનની સિદ્ધશિલા છે, તેનાથી થોડેક ઊંચે અનંત સિદ્ધભગવંતો બિરાજે છે; એ સિદ્ધભગવંતોની મુક્તિનગરીનો ઘેરાવો ૪૫ લાખ યોજનના વ્યાસવાળો છે.

ભગવાન રામચંદ્રજી મોક્ષ પામ્યા છે તે સત્ય છે; અત્યારે તેઓ સિદ્ધપદે બિરાજે છે. સિદ્ધપદ થયા પછી કોઈને અવતાર હોય નહિ. આ બાબતમાં બીજા લોકો શું કહે છે તેના ખંડનની પંચાતમાં આ કાળે પડવા જેવું નથી. પોતે સિદ્ધાંત સમજી લેવો. બીજાની સાથે વાદવિવાદમાં ઊતરવાની જરૂર નથી.

રામ–કૃષ્ણ–મહાવીર વગેરે અવતારો એક જ જીવના નથી પણ જુદાજુદા જીવોના તે અવતાર છે, ને તે સત્ છે. શ્રીકૃષ્ણ અત્યારે જ્યાં છે ત્યાં પોતાના આત્માના આનંદમાં બિરાજે છે. જગતના બાહ્યદ્રષ્ટિવાળા સાધારણ જીવો એ મહાન અંતરાત્મા–શ્રીકૃષ્ણને ઓળખી શકે તેમ નથી. ધાર્મિક બાબતમાં બીજા સાથે વાદવિવાદમાં બને ત્યાંસુધી ન ઊતરવું. પોતે પોતાનું કરી લેવાનો ગંભીરમાર્ગ છે.

❁ અહા, વીતરાગમાર્ગ તો વીતરાગ જ છે. આત્માનો જે આનંદ છે તે જૈન વીતરાગમાર્ગમાં જ છે. જય હો વીતરાગમાર્ગનો... જય હો જૈનધર્મનો. વીતરાગ જૈનમાર્ગના ઉપાસકોને ધન્ય છે.

❁ જ્યારે કોઈ પણ વખતે મન સંસારના બીજા વિચારમાં કે મુંઝવણમાં ચડી જાય ત્યારે, મુમુક્ષુએ તરત જ વીતરાગી પંચપરમેષ્ઠીને યાદ કરીને શાંતિચિત્તે જીવને

એમ ઠપકો આપવો કે અરે જીવ! શું હજી પણ તને આ સંસારના પાપથી ને દુઃખથી થાક નથી લાગ્યો? –ફરી ફરીને તારું ચિત્ત એમાં કેમ જાય છે?

વૈરાગ્યભાવનામાં ઊતરીને તારા જીવનની એકેક પળને આત્મશોધનમાં ગાળ. સંસારથી અલિપ્ત જેવો થઈને રહે ને આત્મચિંતનમાં ઊંડો ઊતર. તું સંસારથી અલિપ્ત રહીશ તો કોઈ તને પરાણે નહિ વળગે.

સંસારના પ્રસંગોમાં કષાયવશ ન થઈ જા; પ્રતિકૂળતામાં મુંઝવણથી ગભરાઈ ન જા. જાગૃત રહીને શાંતિ અને હિંમતપૂર્વક તારા જીવનધ્યેયને વળગી રહે... નિરંતર તેની સાધના માટે ઉદ્યમી રહે.

અંદર આત્મામાં કોઈ એવી અદ્‌ભુતતા ભરી છે કે જેનો વિચાર કરતાં પણ જગતનાં દુઃખો દૂર ભાગી જાય છે. તો એવા નિજસ્વરૂપનો આનન્દકારી વિચાર મુકીને દુનિયાની ચિન્તાના પાપમાં કોણ પડે?

મુમુક્ષુએ તો ન જ પડવું... કેમકે મુમુક્ષુનું જીવનધ્યેય આત્મપ્રાપ્તિ કરવી તે છે.

---

## સમિતિની બાજુમાં, શ્રાવિકાશાળાના ચોકમાં હિંદીધર્મશાળાની પાસે માલિકીધોરણે દશરૂમની યોજના

સોનગઢ આવીને લાભ લેનારા મુમુક્ષુઓની સુવિધા માટે નીચે મુજબ યોજના માનનીય પ્રમુખશ્રીની મંજુરીથી નક્કી કરવામાં આવી છે, અને તેનો અમલ તરતમાં જ કરવા વિચાર છે. યોજનાની વિગત નીચે મુજબ છે–

હિંદી–ધર્મશાળાની બાજુમાં ૧૬'×૧૦' ના રૂમ–જેમાં રસોડાનો સમાવેશ થઈ જાય છે તેવા (અગાઉ કરેલી યોજના–અનુસાર) દશ રૂમ થશે. તથા ચાર ફૂટનો વરંડો રહેશે. દરેક રૂમદીઠ ખર્ચ રૂા. ૪૫૦૦ (સાડા ચાર હજાર) લેવામાં આવશે, અને રૂમ લેનાર પોતે તથા તેના કુટુંબીજનો તેમાં કાયમ રહી શકશે. દશ રૂમ કરતાં વધુ માગણી આવશે તો ઉપરના ભાગમાં પણ વધુ દશ રૂમ ઉતારવાની યોજના છે. બાંધકામ જલદી તૈયાર કરાવવા વિચાર છે–જેથી ફાગણ માસમાં પરમાગમના મહોત્સવ વખતે ઉપયોગમાં આવી શકે. તો જેમણે તે રૂમ લેવાની ઈચ્છા હોય તેમણે દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, સૌરાષ્ટ્ર–એ નામનો બેંક ઓફ ઈંડિયાનો ડ્રાફ્ટ રૂા. બે હજારનો ડીપોઝીટ તરીકે મોકલી દેવો.

–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,<br>સોનગઢ, સૌરાષ્ટ્ર (364250)

[નોંધઃ આ અંકમાં પાંચમા પાને સોસાયટી બાબત જે સૂચના છે, તેમાં ડીપોઝીટ તરીકે રૂા. પાંચ હજાર મોલકવા લખેલ છે તેને બદલે ૫૩૫૧, (પાંચ હજાર ત્રણસો એકાવન) મોકલવા સૂચના છે.]

ગુરુદેવે આપેલો-

# સર્વે મુમુક્ષુઓને ઉપયોગી સન્દેશ

[ આ સંદેશ ભારતના મુમુક્ષુઓને ઉપયોગી હોવાથી અહીં પુનઃ આપેલ છે. ]

૧. સૌ સાધર્મીને સરખા ગણીને બધા સાથે હળીમળીને રહેવું જોઈએ.

૨. હું મોટો ને બીજા નાના–એમ કોઈનો તિરસ્કાર ન કરવો જોઈએ.

૩. કોઈ પૈસા વધારે આપે કે ઓછા આપે તે ઉપરથી માપ ન કરવું જોઈએ, પણ ખાનદાનીથી ને ગુણથી ધર્મ શોભે–તેમ સૌએ વર્તવું જોઈએ.

૪. મુમુક્ષુ–મુમુક્ષુમાં એકબીજાને દેખીને હૃદયથી પ્રેમ આવવો જોઈએ.

૫. ભાઈ, અત્યારે આ વાત મહા ભાગ્યયોગે અહીં આવી ગઈ છે. આ કાંઈ સાધારણ વાત નથી. માટે સૌએ સંપથી, ધર્મની શોભા વધે ને પોતાનું કલ્યાણ થાય તેમ કરવું જોઈએ.

૬. એકબીજાની નિંદામાં કોઈએ ઉતરવું ન જોઈએ. એકબીજાને કાંઈ ફેરફાર હોય તો જતું કરવું જોઈએ. નજીવી બાબતમાં વિખવાદ ઊભો થાય–તે મુમુક્ષુને શોભે નહિ.

૭. સૌએ મળીને રોજ એક કલાક નિયમિત જ્ઞાનનો અભ્યાસ, શાસ્ત્રવાંચન કરવું જોઈએ. જ્ઞાનના અભ્યાસ વગર સત્યના સંસ્કાર ટકશે નહીં.

૮. અરે, તીર્થંકરદેવે કહેલો આવો આત્મા સમજવા જે તૈયાર થયો એને બહારમાં નાના–મોટાનાં માન–અપમાન શું ?

૯. આ તો પોતે પોતાના આત્માનું હિત કરી લેવાની વાત છે.

૧૦. સંસારથી તો જાણે હું મરી ગયો છું–એમ તેનાથી ઉદાસીન થઈને આત્માનું કલ્યાણ કેમ થાય તે કરવાનું છે.

**મુમુક્ષુઓ, ગુરુદેવની આ શિખામણ આપણને સૌને ઉપયોગી છે, હિતકર છે, અને તેનાથી શાસનની શોભા છે.**

# શાંતિ અને ક્રોધ; અહિંસા અને હિંસા; મોટું કોણ ?

- અહિંસાનું આયુષ્ય મોટું છે, હિંસાનું આયુષ્ય ઓછું છે.
- ક્ષમાનું જીવન શાશ્વત છે, ક્રોધનું જીવન ક્ષણિક છે.
- અહિંસા અને ક્ષમાની તાકાત અપાર છે; ક્રોધ–હિંસાદિની તાકાત નજીવી છે.
- અહિંસાદિ વીતરાગ ભાવો તો આત્માના સ્વાભાવિક ભાવો છે એટલે આત્મા સદાકાળ માટે તેની અનુભૂતિ કરી શકે છે, તેમાં થાક લાગતો નથી.
- હિંસા–ક્રોધાદિ ભાવો તો વિકૃત–વિષમભાવો છે, તેથી તે ક્રોધાદિને કોઈ સદાકાળ ચાલુ રાખી શકે નહિ, તેમાં તો થાક લાગે છે.
- જ્ઞાન–ક્ષમા કે શાંતિ કરી–કરીને જીવ થાકી ગયો–એમ બનતું નથી.
- ક્રોધ કરી–કરીને અલ્પકાળમાં જ જીવ થાકી જાય છે.
- આ રીતે જ્ઞાનાદિ શાંત ભાવો અને ક્રોધાદિ અશાંત ભાવોનું સ્વરૂપ વિચારીને ભેદજ્ઞાન કરવું જોઈએ.
- વીતરાગી ક્ષમાવંત મુનિવરો પાસે ચૈતન્યની જે મહાન દોલત છે, તે કુબેર પાસે પણ નથી.
- પર્યુષણ પર્વ નિર્વિકારતાનું પવિત્ર પર્વ છે, આત્મિકસૌન્દર્યનું તે પર્વ છે.
- ચૈતન્યરસવાળા ધર્માત્મા જીવ શાંતિના વેદનવડે સદા એવા પર્યુષણથી શોભે છે.

---

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ. સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૩૫૦.
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : આસો (૩૬૦)